# યાત્રાધામ બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસની બોટ સંધ્યા સમયે રેતીમાં ફસાઈ પણ સદનસીબે ''મોરબી'' જેવી દુર્ઘટના અટકી ?



## ઓખા-બેટ વચ્ચેચાલતી ફેરી બોટ સર્વિસની બોટના ચાલકોની લાયકાત સામે ઊભો થયો પ્રશ્ન ?

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૨૬

ગઈકાલે ઓખા-બેટ વચ્ચે ચાલતી અને બેટથી પરતાવતી બોટ સંધ્યા સમયે મધ્ય સમુદ્રમાં આવેલ રેતીમાં ફસાઈ જતાં યાત્રિકોમાં ગભરાહટ ફેલાવા સાથે દેકારો મચી જવા પામ્યો હતો. જે અંગે વાયરલ થયેલ વિડીયોમાં બહાર આવેલ વિગત મુજબ ગઈકાલે સાંધ્યસમયે ૬ વાગ્યાની આસપાસ બેટ-દ્વારકાથી ઓખા યાત્રિકોને લઈને નીકળેલ બોટ ''અક્ષરા''જ્યારે અન્ય બોટોના ટ્રાફિક અને સંધ્યા સમયના અંધારાના વાતાવરણ વચ્ચે રસ્તો તોડ બદલાઈ જતા ઓખા-બેટ દ્વારકા વચ્ચે સમુદ્રમાં ઓછા પાણીમાં આવેલ રેતીના ઢગલા ઉપર ફસાઈ ગયેલ જે કારણે તેમઆ બેઠેલા યાત્રિકોમાં ગભરાહટ ફેલાવા પામેલ અનેદેકારો મચી ગયેલ ત્યારે બોટચાલક દ્વારા મોબાઈલ ઉપર અન્ય બોટચાલકોનેમદદમાં આવવા જણાવેલ જે દરમ્યાન કોઈક યાંત્રિક દ્વારા પોલીસ કંટ્રોલ રૂમ ઉપર આ ઘટના અંગે જાણ કરાતા બીટ-દ્વારકા વ્યાપારીઓના ઉપવાસ આંદોલનના પ્રશ્ને તપાસઅર્થે પોલીસ પેટ્રોલિંગની બોટ લઈ બેટ-દ્વારકા આવેલ ડી.વાય.એસપી સમીર શારડાને કંટ્રોલ રૂમ ઉપરથી તાત્કાલિક પહોંચી જવા સૂચના મળતા તે તાત્કાલિક પોતાની બોટ લઈને આ ફસાઈ ગાયેલ બોટની મદદે પહોંચેલ અને બોટમાં રહેલ યાત્રિકોને પોતાની અને અન્યની બોટમાં શિફ્ટ કરી સલામત ઓખા બંદરે પહોંચાડેલ હતા.

**આ ઘટના ઘણા બધા પ્રશ્ન ઊભા કરે છે ?**


ઉપરોક્ત ઘટના આ ઓખા-બેટ-દ્વારકા વચ્ચે ચાલતી બોટોની વ્યવસ્થા સામે ''યાત્રિકોની સુરક્ષા- બોટોની યાત્રિકો વહન કરવાની ક્ષમતા-બોટોની ખુદની ગુણવતાની ક્ષમતા-બોટ ચાલકોની અનુભવની ક્ષમતા-જી.એમ.બી.ની.બોટના ટ્રાફિકના સંચાલનની ક્ષમતા-સ્થાનીક સિક્યુરિટી ગાર્ડની ટ્રાફિક સંચાલનની ક્ષમતા'' જેવા કઈક કેટલાય પ્રશ્નો ઊભા કર્યા છે. હકિકતમાં તંત્ર પાસે કે પ્રજા પાસે સમુદ્રના ટાપુ ઉપર વસેલા આ યાત્રાધામ ઉપર આવવા-જવા માટેનો વિકલ્પ એક માત્ર આ ફેરી બોટની સર્વિસ છે અને તે યાત્રાધામ તરીકે જગ વિખ્યાત હોય વર્ષના ૧૫% દિવસોમાં કોઈકને કોઈક વિ.આઈ.પી./વી.વી.આઈ.પી.ઓ દર્શન અર્થે આવે છે અને તેમની વ્યવસ્થા સ્થાનીક લેવલે જે તે ખાતાના તંત્ર દ્વારા નિભાવવાની રહેતી હોય આ બોટને સ્પેશ્યલ સ્વરૂપે ઉપતોગ કરવામાં આવે તો બહુમોટી રકમ ચૂકવવી પડતી હોય જે તે તંત્રદ્વારા ''મફત'' બોટનો ઉપયોગ કરવાનો રહેતો હોય તેમના દ્વારા ઉપરોક્ત પ્રશ્નો પરત્વે ''આંખ મીચા મણાં''કરવાની સર્વ માન્ય વ્યવસ્થા બોટ ચાલકો સાથે કાયમી ધોરણે ગોઠવેલ હોય આજ આ પ્રશ્નોનો કોઈ ઉકેલ આવેલ નથી કે આવનાર પણ નથી તે બહુ સ્પષ્ટ આને સત્ય હકિકત છે.

**બોટ ચાલકોની દાદાગીરી અને તંત્રની ગુલામીની જુગલબંધી**

હકિકતમાં આ પ્રશ્ને અવાર-નવાર જે તે તંત્ર દ્વારા ફક્ત અને ફક્ત રેકર્ડ ઉપર દર્શાવવા ચર્ચા-વિચારણા થાય છે અને નવા-નવા પરિપત્રો બહાર પાડી કાર્યવાહી થતી હોવાનું દર્શાવાય છે પણ પરિણામ આજ વર્ષો થી ''શૂન્ય આવ્યું છે-આવે છે-આવતું રહેશે''જેના કારણોમાં ફક્ત અને ફક્ત બોટ ચાલકો અને તંત્રની જુગલબંધી જવાબદાર છે અને તેના કારણે આજ બોટ ચાલકો ખુલ્લેઆમ દાદાગીરી કરી રહ્યા છે અને લાયસન્સના એક પણ નિયમનો અમલ કરી રહ્યા નથી અને તંત્ર પાસે આ પ્રશ્ને આંખ આડા કાન કરાવી રહ્યા છે.

**ઉપાય છે પણબોટ ચાલકો અમલવારી થવા દેતા નથી**

પ્રજાના અને તંત્રના આ કાયમી પ્રશ્નોનો ઉપાય છે જે મુજબ



સરકારી તંત્ર એટલે કે જી.એમ.બી.પોતાની બંધ કરી દેવાયેલ ફેરી સર્વિસની બોટ ફરી ચાલુ કરે -બેટ દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ પોતાની બોટ યાત્રિકોની સુવિધા માટે ચાલુ કરે-કોઈ એન.જી.ઓ. દ્વારા બોટ ચાલુ કરવામાં આવે પણ અહી મોટો પ્રશ્ન અહીના સ્થાનીક બોટ ચાલકોની ઓખા-બેટ જેટી ઉપરની ખુલ્લી દાદાગીરી જેના કારણોમાં તંત્રના જ કોઈને કોઈ કર્મચારીની આ બોટ ચાલકો સાથે સીધી કે આડકતરી ભાગીદારી મુખ્ય જવાબદાર હોય તેનો અમલ થવા દેવામાં આવતો નથી ત્યારે હવે બહુ સોશ્યલ મીડિયામાં ચમકેલા આ પ્રકરણનો નિકાલ થાય તેમ ના હોય તંત્ર દ્વારા થોડા સમયમાં ઓખા-બેટ વચ્ચે બની રહેલ ''સિગ્નેચર બ્રિજ'' ચાલુ થયે આ પ્રશ્નનું નિરાકરણ થઈ જશે તેવું આશ્વાશન આપી ''ચાલતા હે ચાલને દો''ની નીતી અપનાવી રહ્યા છે જે પ્રજા અને તંત્ર માટે શરમજનક પણ સત્ય હકિકત છે.

# નાતાલનાં તહેવારોમાં ૬૦ હજાર ભાવિકોએ સોમનાથની મુલાકાત લીધી



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૨૬

નાતાલ તહેવાર અને વેકેશનને લઈ સોમનાથ તીર્થ ભાવિકો પ્રવાસીઓથી ઉભરાયું હતું. તા.૨૪ ડીસેમ્બરથી શરૂ થયેલો આ પ્રવાહ હજુ ૨ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. તા. ૨૪ ડીસે.નાં રોનજ ૨૬૯૯૪ અને ૨૫ ડીસે.નાં રોજ ૩૧૪૨૪ યાત્રીકોએ સોમનાથ મહાદેવનાં દર્શન કર્યા હતાં.

# કેશોદનાં કણેરીમાં સોનલમાંના જન્મોત્સવ નિમિતે સંતાવણીનો કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા. ૨૬

કેશોદ તાલુકાનાં કણેરી ગામે આવેલ શ્રી સોનલ માતાજી મંદિર ખાતે આવેલ પૂ. સોનલમાં નાં જન્મોત્સવ નિમીતે રાત્રે સંતાવાણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેવરાજગઢવી (નાનોડેરો) રાજભાગઢવી, બ્રિજરાજદાનગઢવી, સાગરદાન ગઢવી, મયૂર દવે સહિતના કલાકારો એલોકડાયરો અને સંતવાણી ના કાર્યક્રમમાં જમાવટ કરી હતી અને કડકડતી ઠંડીમાં પણ ભાવિકો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આઈશ્રી સોનલમાં ભાણેજ પરિવાર મંદિરના નરહરદાન ભાઈ ગઢવી સહિતના એ જહેમત ઉઠાવી હતી.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ દ્વારા મનસુખભાઈ વાજાનું સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાન ૭૫ વર્ષ પુરા થતા અમૃત મહોત્સવનાં સન્માન સમારોહમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ ટ્રસ્ટી અલ્પેશભાઈ પરમારનું પ.પૂ.ગુરૂવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામી તથા પ.પૂ.મહંત સ્વામી દેવ પ્રસાદસ્વામી તેમજ પ.પૂ.સદગુરૂ પુરાણી જ્ઞાનસ્વરૂપ દાસજી સ્વામી દ્વારા અમૃત મહોત્સવ પ્રસંગે સેવાકીય પ્રવુતિ બદલ રાજકોટ ખાતે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું.

# કેશોદ એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ દ્વારા નાણાં લઈને પરત ન આપતાં ધાક બેસાડતો આપ્યો ચુકાદો

(ગોવિંદહડિયા દ્વારા) કેશોદ તા.૨૬

કેશોદ શહેરમાં રહેતાં વિજયભાઈ હેરભાએ મિત્રતાની રૂએ ઉમેશભાઈ હિગરાજીયાને રૂપિયા ત્રણ લાખ વીસ હજારની મદદ કરી હતી. ત્યારે જે રકમ લાંબો સમય વીતી જતાં પરત ન કરતાં બેંક ખાતામાં ચેક ભરતાં જે રીટર્ન થયો હતો. વિજયભાઈ હેરભાએ કેશોદના વિદ્વાન વકીલ વિશાલભાઈ જોષી મારફતે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં નામદાર એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ દ્વારા બંને પક્ષકારોને સાંભળીને ઉમેશભાઈ હિગરાજીયાને દોષિત ઠેરવ્યા હતા અને આદેશ આપ્યો હતો કે છ માસની સાદી કેદની સજા અને રૂપિયા ત્રણ લાખ વીસ હજાર રૂપિયા ચુકવવાનો હુકમ કર્યો છે. સામાજિક પારિવારિક જીવનમાં સંબંધમાં મિત્રતામાં જરૂરિયાત હોય ત્યારે હાથઉછીના પૈસા લઈને પરત ન આપનારા ઈસમો માટે નામદાર એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ સમીર સાંગાણી દ્વારા ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે.

# જૂનાગઢ જિલ્લાના ગૌરવવંતા આંતરરાષ્ટ્રીય વિઝ્યુઅલ આર્ટિસ્ટ ચિંતન ઝાલાવાડીયાનું ફરી એકવાર સાઉથ કોરિયામાં એક્ઝિબિશન

## દક્ષિણ કોરીયામાં આર્ટ સમિટમાં દેશ-વિદેશના ચિત્રકારો તથા કોરીયન લોકોએ ચિત્ર કૃતિઓ બિરદાવી



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૨૬

કેશોદમાં રહેતા ગોરધનભાઈ ઝાલાવાડીયા જેઓને નાનપણથી ચિત્રનો અનહદ શોખ રેતી ચિત્રો બનાવામાં એટલી માહીર કલા કે રેતી ચિત્રની આબેહુબ કૃતીઓ બનાવે જે કલાને રાજયપાલ અને મુખ્યમંત્રી સહીતે બિરદાવી સન્માન પત્ર આપેલ રેતી ચિત્રની કલા સાથે શિક્ષક તરીકે પણ શ્રેષ્ઠ કામગીરીથી રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પણ મેળવ્યો હતો. વડાપ્રધાન, રાજયપાલ, શિક્ષણમંત્રી સહીતના વરદ હસ્તે સન્માન પત્ર મેળવ્યા છે. શ્રેષ્ઠ શિક્ષક તો રહ્યા સાથે શ્રેષ્ઠ ચિત્રકારનું બિરૂદ પણ મેળવ્યું એવી અનહદ ચિત્ર કલા અને એના કરતા પણ એક ડગલું આગળ તેમના દિકરા ચિંતન ઝાલાવાડીયા કે જેમને વારસામાં કલા મળી હોય એમ એમના ચિત્રોએ વિદેશીઓના પણ મન મોહિ લીધા છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ફાઈન આર્ટસ જે એક ખાનગી કંપનીએ એશિયાની નંબર વન ફાઈન આર્ટસ કોલેજ જાહેર કરી હતી. જેમાં ચિંતન ઝાલાવાડીયાએ બેચલર અને માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી અને દેશ વિદેશોમાં ઘણા એક્ઝિબિશન કર્યા અને આંતરરાષ્ટ્રીય તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. તાજેતરમાં દક્ષિણ કોરીયા ખાતે આર્ટ સમિટનું આયોજન કરાયુ હતું. જેમાં મુળ સોરઠના વતની વિઝ્યુલ આર્ટિસ્ટ ચિંતન ઝાલાવાડીયાની કલાએ કલા પારખુ કોરીયન લોકોના ઉમદા પ્રતિભાવ પ્રાપ્ત કર્યા હતા. તેની સેન્સ ઓફ હ્યુમર, સેટાયર, ઈમોશનલ સહિતનાં ભાવ દર્શાવતી કૃતિઓ વખાણાઈ હતી અને તેમની કૃતિઓ લાખોની કિંમતમાં ખરીદી પણ હતી. દક્ષિણ કોરીયાના બુસાન શહેર ખાતે ગત તા.૧ થી ૫ ડિસેમ્બર દરમ્યાન BIAF ટ્રસ્ટ દ્વારા યોજાયેલ આ આર્ટ સમિટમાં ભારતના ચિંતન ઝાલાવાડીયાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. યુએસ, કેનેડા, ઈન્ડોનેશિયા, યુરોપ જેવા અનેક દેશોના કલાકારોએ કલાકૃતિ દર્શાવી. કટેમ્પરરી કલાકારોની આ સમિટમાં મુળ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના ખાંભલા ગામના તથા હાલમાં વડોદરા ખાતે રહેતા ચિંતન ઝાલાવાડીયાની ચિત્ર કૃતિઓએ લોકોનું ધ્યાન ખેંચ્યુ હતું. તેમની સેન્સ ઓફ હ્યુમર, સટાયર, ઈમોશનલ તેમજ એફેકશન જેવા વિવિધ કેટેગરીના ચિત્રોને કોરીયન કલા પારખુઓએ ખુબ બિરદાવ્યા હતા. આ સમિટમાં આર્ટ ઈન્વેસ્ટરોએ પણ ખુબ રસ દાખવ્યો હતો. જેમ રીયલ એસ્ટેટ, ગોલ્ડ, સિલ્વર, રીયલ ડાયમંડ, શેર માર્કેટ જેમ મૂડી રોકાણ થતું હોય છે તેમ કટેમ્પરરી આર્ટિસ્ટના આર્ટમાં મૂડી રોકાણ થતું હોય છે. જે લાંબા સમય દરમ્યાન સારો મુનાફો આપે છે અને જેમ આ આર્ટ સમિટમાં ચિંતન ઝાલાવાડીયાની લાખોમાં કૃતિઓ વેચાઈ છે અને ખરીદારો ઉદ્યોગપતિઓ તેમના કામમાં મૂડી રોકાણ કરે છે. આમ ચિત્ર દ્વારા જ વિવિધ ભાવો ઉત્પન્ન કરવા અને ચિત્ર દ્વારા જ લોકોને હસાવવા કે લાગણીવશ કરી દેવા તે આ ચિત્ર કલાકારની હથરોટી છે. અગાઉ પણ અનેક દેશોમાં યોજાયેલ કટેમ્પરરી આર્ટ સમિટમાં તેમણે તેમણે પોતાની કલાકૃતિઓ દર્શાવી હતી અને આંતરરાષ્ટ્રીય કલાકાર તરીકેની પદવી પ્રાપ્ત કરી હતી. ત્યાં પણ લોકોનો ઉમદા પ્રતિભાવ મળ્યો હતો. તેમની કલાકૃતિઓ અંબાણીથી લઈ અનેક ઉદ્યોગપતિઓના આર્ટ કલેકશનમાં છે. આગામી માર્ચ મહિનામાં આર્ટ સમિટમાં દુબઈ ખાતે યોજાનાર પ્રદર્શનીમાં પણ તેઓની કૃતિઓ જોવા મળશે અનેચિંતન ઝાલાવડીયાને લલિત કલા ગવર્મેન્ટ પુરસ્કાર અને અન્ય પુરસ્કાર મેળવ્યા અને દેશ વિદેશમાં નામ રોશન કર્યું છે. ચિંતન ઝાલાવડીયાની કૃતીઓ ત્રણ લાખ વિસ હજાર અને છ લાખમાં વેચાણ થાય છે. ગૌરવ પુરસ્કાર મેળવનાર ચિંતન ઝાલાવડીયાએ જૂનાગઢ જિલ્લા સાથે ગુજરાતભરનું નામ રોશન કર્યું છે.

# ઉના તાલુકાનાં અમોદ્રા ગામે તસ્કરોની રંજાડ, શોરૂમનાં તાળા તુટયા

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૨૬

ઉના તાલુકાના અમોદ્રા ગામે રહેતા અનિરૂધસિંહ વિર્ભણસિંહ મોરીનો ઉના-ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર અક્ષર જીનીગ મિલ પાસે આદિનાથ એજન્સી નામનો આઈશર કંપનીનો ટ્રેકટરનો શો રૂમ આવેલ છે. જે ૨૪/૧૨ના રાત્રે બંધ કરી ઘરે ગયા હતા અને સવારે પાછા શોરૂમે આવતા ઓફિસના કાચની બારીની લોખંડની ગ્રિલ વાળી બે અજાણ્યાં શખ્સો મોઢે કપડું બાંધી પ્રવેશ કરી ટેબના ખાનાનો લોક તોડી તેમાં રાખેલ ટ્રેકટરના સ્પેર પાર્ટનું વેચાણ કરેલ રૂપિયા ૭૦,૦૦૦ ચોરી કરી નાસી ગયા હતા અનેસી.સી. ટીવી ફૂટેજમાં ચહેરો ઓળખાતો ના હતો. આ અંગે ઉના પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. ગરચર અને સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને ફરિયાદ દાખલ કરી હતી. તેમજ આ વિસ્તારમાં આવેલ સોનાલિકા ટ્રેકટરનો શોરૂમ, બજાજ મોટર સાઈકલનો શોરૂમ, યામાહા મોટરસાઈકલનો શોરૂમ, હીરો ઈલેકટ્રોનિક્સ ટી.વી.એસ. મોટરસાઈકલનો શોરૂમ અને વ્યજપુર ગામ પાસે આવેલ વિષ્ણુ એન્ટર પ્રાઈઝ નામની કંપનીના પણ તાળા અને બારી તોડી ચોરી થયાની જાણ મળી છે. કેટલું ગયું છે તેની તપાસ પોલીસ કરી રહીછે. આમ હાલ શિયાળાની ઠંડીમાં તસ્કરો ત્રાટક્તા લોકોમાં ભય ફેલાયો છે. તસ્કરો પોલીસની ઠંડી ઊડતા દોડતી થઈ ગઈ છે.

# દુધાળા ગામે દેવી ભાગવત કથા જ્ઞાન યજ્ઞ

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૨૬

ઉના તાલુકાના દુધાળા ગામે આવેલ મહા કાળી માતાજીના મંદિરના સંકુલમાં પ્રેમશંકર કાશીરામભાઈ જોશી પરિવાર દ્વારા દેવી ભાગવત કથા જ્ઞાન યજ્ઞનો પ્રારંભ ગાંગડા અંબાજી આશ્રમના મહંત શ્રી સીતારામ બાપુએ દીપ પ્રગટાવી કરેલહતો. કથાના વકતા શાસ્ત્રી સંકેતભાઈ પંડયા સનખડા વાળા સરળ અને સંગીતમય શૈલીમાં સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ કરાવી રહ્યા છે. ભુવનેશ્વરી માતાજીનો પ્રાગટય ઉત્સવ ગામનાં સરપંચ હમીરભાઈ ભીમાભાઈ વંશએ માતાજીની પૂજા આરતી કરી હતી. કથામાં મોટી સંખ્યામાં ભક્તો હાજરી આપી શ્રવણ કરી રહ્યા છે. કથાનો વિરામ તા.૧-૧-૨૦૨૩ને રવિવારે સાંજે ૬ કલાકે કરાશે.

# સુશાસન દિવસ નિમિતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલ ઓનલાઈન કાર્યક્રમમાં ગીર-સોમનાથના શીર્ષ અધિકારીઓ જોડાયા



(ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૬

દેશના દિવંગત પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીની જન્મતીથી પ્રસંગે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં સરકાર દ્વારા આયોજિત ઓનલાઈન બેઠકમાં ગીર-સોમનાથ જિલ્લા વિકાસ અધિકારી રવીન્દ્ર ખતાલે સહિતના શીર્ષ અધિકારીઓ પ્રાંત કચેરી ખાતે જોડાયા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ઉદબોધનમાં સુશાસનની પરિકલ્પના સમજાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં સુશાસનનો પ્રારંભ કરાયો જેને ગુજરાત સરકાર સતત આગળ વધારી રહી છે. જણજણ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે ગુજરાતમાં સાચા અર્થમાં અંત્યોદય થાય. આ દિશામાં ગુજરાત સરકાર કામ કરી રહી છે. સુશાસન એટલે સારી યોજનાઓનું નિર્માણ જ નહીં પરંતુ તેનું જમીની પરિસ્થિતિ ઉપર ઉત્કૃષ્ટ અમલીકરણ. કોઈપણ કચેરીમાં આવનાર અરજદાર સંતોષ સાથે સરકારની યોજનાનો લાભ લઈને કે પોતાના પ્રશ્નોનો જવાબ લઈને સન્માન સાથે પરત ફરે એ સુશાસનનું લક્ષ્ય છે. અધિકારીઓ અને કર્મચારીઓ સરકારનું વાહક બળ છે. જેટલા સક્રિય અધિકારી કર્મચારી હશે એટલી જ અસરકારક રીતે સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચી શકશે તેમ રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમાર દ્વારા જણાવવામાં આવ્યું હતું. વેરાવળ પ્રાંત કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર બી.વી. લીંબાસીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લાના ડીજાયએસપી વી.આર. ખેંગાર, પુરવઠા અધિકારી ગમારા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ : મોબાઈલ કંપની સામે સીનીયર સીટીઝનની ફરીયાદ

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ શહેરનાં મોતીબાગ રોડ નજીક આવેલ વોડાફોન આઈડીયાની ઓફીસે ગિરીશભાઈ સુબા નામનાં સીનીયર સીટીઝન છેલ્લા કેટલાય દિવસથી પોતાનો મોબાઈલ નંબર પોર્ટ કરવા માટે ધકકા ખાતા હતાં પરંતુ તેમને સ્ટાફ દ્વારા ઉડાવ જવાબ આપતા વોડાફોન આઈડીયાની હેડ ઓફીસનો સંપર્ક કરી મુશ્કેલીઓ જણાવી તીવ્ર આક્રોશ વ્યકત કરેલ હતો.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : બિલખા નિવાસી હાલ જૂનાગઢનાં અમૃતલાલ કંટારીયાનાં પુત્ર તથા રીકેશભાઈનાં ભાઈ કમલભાઈ (ઉ.વ. ૪૧)નું તા.૨૪ના રોજ અવસાન થયુંછે. સદગતનું બેસણું આજ તા. ૨૬નાં રોજ સાંજે ૪ થી ૫, ભુતનાથ મંદિર, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ: મુળહાંડલા (હાલ જૂનાગઢ)નાં સ્વ. દેવદાનભાઈ જગમાલભાઈ કારેથાનાં પુત્ર સ્વ. અશ્વીનભાઈ (ઉ.વ. ૪૬) તે સુખાભાઈનાં નાના ભાઈ તથા ક્રિષ્નાનાં પિતા તથા કરશનભાઈ બકોત્રાનાં જમાઈનું તા.૨૫-૧૨-૨૨નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૯-૧૨-૨૨ને ગુરૂવારે તેમનાં નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

### વધાવીના ખાતેદાર ખેડૂત હમીરભાઈ ઝાલાનું રોડ અકસ્માતમાં મૃત્યુ થતા

# જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા હમીરભાઈના ઘરે જઈ પરિવારજનોને સાંત્વના આપી

### સરકારની ખેડૂત અકસ્માત યોજના અંગે માર્ગદર્શન આપી ફોર્મ ભરી આપ્યું





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા ગામડે ગામડે જઈ લોકોના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. ત્યારે વધાવી ગામના ખાતેદાર ખેડૂત હમીરભાઈ ઝાલાનું રોડ અકસ્માત મૃત્યુ થતા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, માજી જિલ્લા પંચાયતના સભ્ય ગજુભાઈ હિરપરા તેમજ સંજયભાઈના અંગત મદદનીશ મુકુંદભાઈ હિરપરા સહિતનાઓ દ્વારા તેમના ઘરે જઈ પરિવારજનોને સાંત્વના આપી હતી. સરકાર દ્વારા ખાતેદાર ખેડૂતને અકસ્માતમાં સહાય ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત તેમના પરિવારજનોને મદદ થઈ શકે છે. જૂનાગઢના વધાવી ગામના ખાતેદાર ખેડૂત હમીરભાઈ મારખીભાઈ ઝાલાનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ અંગેની જાણ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાને થતા તેઓ હમીરભાઈના ઘરે પહોંચ્યા હતા અને તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી તેમજ સરકારના અકસ્માત વીમા યોજના અંગે માર્ગદર્શન આપી આ યોજનાનું ફોર્મ પણ ભરી આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસના કાર્યોને આગળ વધારવા માટે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પોતાના મત વિસ્તારના ગામડાઓમાં પ્રવાસ કાર્યક્રમ યોજી લોકોના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે.

# પીએમ કિસાન યોજનાના ખેડૂત લાભાર્થીઓને બેંક સાથે e-KYC અપડેટ કરાવી લેવા જૂનાગઢના ધારાસભ્યનો અનુરોધ

### આયુષ્યમાન કાર્ડમાં રૂા.૫ લાખને બદલે રૂા.૧૦ લાખની સહાયનો નિર્ણય કરતા આ કાર્ડ તમામ લોકોએ કઢાવી લેવા જણાવ્યું

જૂનાગઢ, તા.૨૬

દેશના ખાતેદાર ખેડૂતોને સરકાર દ્વારા વર્ષે રૂા.૬૦૦૦ તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે. આ રૂપિયા થકી ખેડૂતોને બિયારણ, ખાતર લેવામાં મદદરૂપ થઈ રહી છે. ત્યારે સરકારની પીએમ કિસાન યોજના હેઠળ ખેડૂત લાભાર્થીઓને રૂપિયા ૨૦૦૦નો હપ્તોચાર મહિને નાખવામાંઆવે છે. ત્યારે આ માટે બેંક સાથે e-KYC અપડેટ કરાવવું જરૂરી છે. જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોટડીયા દ્વારા ખેડૂત લાભાર્થીઓને બેંકસાથી-દ્વારૂઞ અપડેટ કરાવવા અનુરોધ કર્યો છે.તે ઉપરાંત આયુષ્યમાન ભારત યોજનામાં આરોગ્ય કાર્ડમાં રૂા.૫ લાખની સહાયને બદલે હવે રૂ.૧૦ લાખની સહાય આપવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે જૂનાગઢના લોકોએ આ કાર્ડ અચૂક કઢાવી લેવા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું છે.

# ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા ગામડાઓના સ્થાનિક આગેવાનો, વેપારીઓ અને પાર્ટીના કાર્યકરો સાથે બેઠક યોજી

### પાણી, રસ્તા, ગટર, સ્કૂલ અને લાઈટના પ્રશ્નો બાબતે તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું : અન્ન અને પુરવઠાની દુકાનની મુલાકાત લઈ લોકોને પુરતા અનાજ મળી રહે તેની ચકાસણી કરી

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પોતાના મતવિસ્તારના ગામડાઓમાં ફરી રહ્યા છે અને સ્થાનિક આગેવાનો, વેપારીઓ, પાર્ટીના કાર્યકરો સહિતનાઓ સાથે બેઠકનું આયોજન કરી તેમના પ્રશ્નો સાંભળી ગટર, પાણી, રસ્તા અનેલાઈટ સહિતના પ્રશ્નો બાબતે તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા મજેવડી, પત્રાપસર, રૂપાવટી સહિતના રૂટ પ્રમાણેના ગામોમાં પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગ્રામ પંચાયતના સ્થાનિક આગેવાનો, વેપારીઓ, પાર્ટીના કાર્યકરોઅને ગામ લોકો સાથે બેઠક યોજી તેમના પ્રશ્નો સાંભળ્યા હત તેમજ ગામમાં ગટર, પાણી, રસ્તા, સ્કૂલ અને લાઈટ સહિતના પ્રશ્નોબાબતે ચર્ચા કરી હતી અને આ સુવિધાઓનો અભાવ જોવા મળે તો તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત સંજયભાઈએ જુદા જુદા ગામોમાં અન્ન અને પુરવઠા વિભાગની સસ્તા અનાજની દુકાનોની મુલાકાત લઈ લોકોને પૂરતું અનાજ મળી રહે તેની ચકાસણી કરી હતી તેમજ જો કોઈને અનાજ ન મળતું હોય તો તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

# વોકહાર્ટ હોસ્પીટલ રાજકોટ દ્વારા નાતાલની અનોખી ઉજવણી

### મધર ટેરેસા આશ્રમ ખાતે માનસિક અસ્થિર બાળકો માટે જમણવાર અને હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૬

રાજકોટની એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ સૌરાષ્ટ્ર- કચ્છની સુપ્રસિધ્ધ અને તમામ પ્રકારના રોગોની સારવાર એક છત્ર હેઠળ ધરાવતી હોસ્પિટલ છે. વોકહાર્ટ હોસ્પિટલ તેમના સામાજીક ઉત્તરદાયીત્વના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો કરતી રહે છે. સાથેસાથે વર્ષદરમ્યાન આવતા તહેવારોની ઉજવણી દર્દીઓસાથે કરે છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ નાતાલની ઉજવણી અનોખીરીતે કરવામાં આવી હતી. જેમાં ભગવતી સોસાયટી,દુધસાગર રોડ પર આવેલ મધર ટેરેસા આશ્રમમાં જમણવાર, હેલ્થ ચેકઅપ કેમ્પ અને બાળકો સાથે ભોજન લીધેલ હતું.

આ ઉપરાંત વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સંગીત કાર્યક્રમ અનેદર્દીઓ તથા સ્ટાફ દ્વારા કેક કટીંગ કરી નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. આ સંપુર્ણ આયોજન હોસ્પિટલની ટીમ એચ.આર.દ્બારા કરવામાં આવેલ હતું. વોકહાર્ટ હોસ્પિટલ વિવિધ તહેવારોની ઉજવણી અનોખી રીતે કરે છે જુદા જુદા તહેવારોમાં દિકરાનુ ઘર, બાલાશ્રમ, વૃધ્ધાશ્રમ, શાળા કોલેજોની મુલાકાત લઈ તેની સાથે રહી તહેવારોની ઉજવણીમાં સહભાગી બને છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના જનસેવા કેન્દ્રના કર્મચારીઓ પગાર વિહોણા : કામગીરી બંધ

### બે-બે માસથી પગાર ન થતા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી કચેરીઓમાં કાર્યરત જનસેવા કેન્દ્રમાં ફરજ બજાવતા કોમ્પ્યુટર ઓપરેટર સહિતના કર્મચારીઓને છેલ્લા બે-બે માસથી પગાર ન મળતા તેઓએ અહીં આપવામાં આવતી સેવા બંધ કરી દીધી છે. જેથી અરજદારો હાલાકીમાં મુકાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, ભાણવડ, દ્વારકા તથા કલ્યાણપુર તાલુકાની સરકારી કચેરીઓમાં જન સેવા કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને ગત ઓક્ટોબર તથા નવેમ્બર માસના પગાર હજુ સુધી મળ્યા નથી. આટલું જ નહીં, પીએફની રકમનું ચૂકવવાનું પણ



થયું નથી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ તેઓને વર્ષ ૨૦૨૦ ના પણ બે માસના મળવાપાત્ર પગાર હજુ સુધી મળ્યા નથી. ઉપરોક્ત મુદ્દે જનસેવા કેન્દ્રના કોમ્પ્યુટર ઓપરેટરો દ્વારા સંયુક્ત સહીઓ સાથે અહીંના મામલતદાર સહિતના અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે. મહત્વની બાબતો એ છે કે પગાર મુદ્દે તેઓની માંગણી ન સંતોષાતા તેઓએ કામગીરી બંધ રાખી હતી. જેથી એજન્સીઓ દ્વારા તેમને છૂટા કરવાની ધમકી આપવાનું પણ કર્મચારીઓ દ્વારા જાણવા મળ્યું છે. આમ, જિલ્લાના ચારેય તાલુકાઓમાં જનસેવા કેન્દ્રના કોમ્પ્યુટર ઓપરેટરો દ્વારા કામગીરી બંધ કરાતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ મુદ્દે તાકીદે નિરાકરણ લાવવા માટેની માંગ પણ કરવામાં આવી છે.

# માંગરોળ કરાળ-પા વિસ્તારમાં ખાણ ખનનથી ખેડૂતના બગીચાને નુકસાન

### ખેડૂતની માલિકીની જમીનને લગોલગ ઉંડી ખાણ ખોદી નાખતા નાળિયેરના ઝાડ ખાણમાં ઢસી ગયા

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે કરાળ-પા વિસ્તારમાં ખેડૂતોની જીવાદોરી સમાન જમીનો નજીક જ બેફામ રીતે ખાણ ખનનની કામગીરી કરાતા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ બાબતે ભૂતકાળમાં પણ કરાળ વિસ્તારના ખેડુતોએ પોતાના પરીવારનું ભવિષ્ય બચાવવા લાંબાગાળાની લડત ચલાવી હતી. પરંતુ તંત્રએ ખેડૂતોની પાયમાલી વિશે કોઈ તસ્દી પણ લિધી નહોતી. હાલમાં પણ આ વિસ્તારમાં ખાણ ખનિજના નિયમોની પરવા કર્યા વિના ખાણમા ખોદકામ કરાતા ખેડૂતોના ઉભા પાક અને બગીચાઓને મોટુ નુકસાન થઈ રહ્યું હોવાની બૂમરાળ ઉઠી છે. નિયમ મુજબ ખાણની ફરતે વાડાબંધી તેમજ ફરતે પડદા



મારી પાણીનો મારો ચલાવી ધુળની રજ ના ઉડે તેવી કોઇ પણ જાતની વ્યવસ્થા કર્યો વિના ખાણ ખનન કરી રહ્યા છે. એટલું જ નહીં અગાઉ માટી અને પથ્થરોની જે આડસ બનાવી હતી તે પણ હટાવી લેતા ભારે તબાહી થવાની દહેશત ઉભી થઈ છે અને જાણે અહીં કોઈ નિતિ નિયમ લાગુ પડતા ના હોય તેમ ખેડૂતોની જમીનને લગોલગ ખોદકામ શરૂ કરી દેતા ખેડૂતોના નાળિયેરીના બગીચાઓ પણ ખાણમાં ઢસવા ચાલુંથઈ ગયા હોવાની ફરિયાદો ઉઠી રહી છે તેમજ જાહેર રસ્તાની લગોલગ માટીના ઉંચા ઢગલાઓ ખડકી દેવાતાં આ ઢગલાઓની માટી ધીમેધીમે રસ્તા ઉપર ઢસતા ભવિષ્યમાં જાહેર રસ્તો પણ બંધ થવાની શક્યતા સેવાઈ રહી છે. આ તબાહી નો ભોગ બનેલા એક ખેડૂતે ખાણ ખનીજ વિભાગઅને જીલ્લા કલેકટર સુધ્ધાંને લેખિતમાં ફરિયાદ કરી છે.

ફરિયાદમા જણાવ્યા મુજબ ખેડૂતની માલિકની જમીનમાં ઘૂસીને વર્ષો જૂના નાળિયેરીના ઝાડની એક આખી હારના મુળ સુધી ખાણીયાઓ એ માટી અને ડસ્ટ કાઢી ઊંડે સુધી ખોદકામ કરી નાખતા નાળિયેરીના કેટલાક ઝાડ પણ ખાણના ખાડામાં પડી ગયા છે. અને હજુ બીજા ઝાડ પણ ખાણમાં ઢસી જશે. આ બાબતે ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, તેમણે લીઝ હોલ્ડરને રજૂઆત કરવા છતાં તેમણે ધ્યાન આપવા ના બદલે નાળિયેરીના વૃક્ષોને મોટાપાયે નુકસાન પહોંચાડયું છે. ફરીયાદમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે, તેઓની આજીવિકા સમાન માલિકીની જમીનમાંથી ગેરકાયદેસરરીતે માટી અનેડસ્ટ કાઢી તેઓને ડરાવી ધમકાવીને ખોદકામ કરી રહ્યા છે. હાલમાં જ તેઓની જમીનમાંથી માટી અને નાળિયેરના ઝાડો ખાણમા ઢસીરહ્યા છેઅનેજો તેઓ તેમના બગીચામા પાણી વળે તો આખું ખેતર ધોવાઈને ખાણમાં ઢસી જાય અને મોટી તારાજી સર્જાઈ તેવો પણ આક્ષેપ ખેડૂતે લગાવ્યો છે. આ બાબતના ફરિયાદી યુસુફભાઈ રાઠોડે તેમના બગીચામાં થયેલા નુકસાન ના ફોટાઓ સાથે જીલ્લા કલેકટર, ભૂસ્તરશાસ્ત્રી અને મામલતદાર સહિત સાત ડીપાર્ટમેન્ટમા લેખિતમાં ફરિયાદ કરી છે. અને ત્વરિતપણે આ ખોદકામ અટકાવવા માંગ કરી છે. જેને આજે બે અઠવાડિયા થઈ જવા છતાં તંત્ર દ્વારા કોઈ તકેદારી લેવામાં આવી નથી. આ ગંભીર સમસ્યા સામે તંત્રની નિરસતા સામે ખેડૂતો બરબાદીના આરે આવી ને ઉભો છે. આ બાબતે ખાણ માલિક સાથે વાત કરતા એવું જણાવ્યું હતું કે અમે અમારી માલિકમાં ખોદકામ કરીએ છીએ. તેમ છતાં અમે કોઈ વિવાદ ના થાય તેવા પ્રયાસો કરીશું.

### યાત્રાધામ બેટ-દ્વારકામાં નાતાલની રજાઓમાં લોકોની ભીડ વધી ત્યારે

# દેવ સ્થાન સમિતિએ સગવડીયો ધર્મ અપનાવતા યાત્રિકો હેરાન અને નાના વેપારીઓની મુશ્કેલી વધી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૬

યાત્રાધામ બેટ-દ્વારકા ખાતે આખા વર્ષ દરમ્યાન રજાઓ અને પર્વ નિમિત્તે યાત્રિકોનો ઘસારો વધી જાય છે ત્યારે આ ધસારાને પહોંચી વળવા સ્થાનિક તંત્ર દેવસ્થાન સમિતિ, ઓખા નગરપાલિકા સૌનએ સાથે મળીને સુચારૂ રૂપથી વ્યવસ્થાઓ કરવાની હોય પરંતુ અહીં ઉલટી ગંગા વહે છે !. બેટ-દ્વારકા દેવસ્થાન સમિતિ યાત્રિકોની વ્યવસ્થાઓ ઊભી કરવાના બદલે યાત્રિકોની સગવડતાઓ માં રોડા નાખે છે. હાલ નાતાલનાં વેકેશન ને લીધે બેટ-દ્વારકા ખાતે યાત્રિકોનો ધસારો ખૂબ જ વધ્યો છે ત્યારે બેટ દેવસ્થાન સમિતિના અમુક સભ્યોના જકી વલણના હિસાબે યાત્રિકોને તો તકલીફ પડે જ છે પરંતુ સાથે સાથે બેટના સ્થાનિક નાના વેપારીઓને પણ તકલીફો પડી રહી છે બેટ દ્વારકા દેવસ્થાન સમિતિએ સ્થાનિક તંત્રને લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ હતી કે યાત્રિકોના રસ્તાને ડાઈવર્ટ કરવામાં આવેલ હતો. આ ડાયવર્ટ કરેલા રસ્તાથી યાત્રિકોને તો ચપ્પલ રાખવા કે મોબાઈલ રાખવાની તકલીફો પડી જ રહી હતી સાથે સાથે નાના વેપારીઓની પણ મુશ્કેલીમાં વધારો થયો છે. આ સ્થિતિથી વેપારીઓ કંટાળીને પોતાના ધંધા રોજગાર બંધ રાખી પોલીસ સમક્ષ રજૂઆત કરવા માટે દોડી ગયેલ હતા ત્યારે પી.એસ.આઈ વાજાએ પરિસ્થિતિનો ખ્યાલ રાખીને યાત્રિકો માટે રસ્તો ખોલી આપ્યો હતો અને નાના વેપારીઓની મુશ્કેલીઓનો હંગામી અંત આવ્યો હતો. દેવસ્થાન સમિતિના આ પગલાથી યાત્રિકો અને બેટના નાના ધંધાર્થીઓમાં ભારે રોષ પેદા થયો છે. આપણે જોયું છે કે યાત્રાધામ બેટ દ્વારકામાં યાત્રિકોની સુવિદ્યાઓમાં વધારો કરવાના બદલે દેવસ્થાન સમિતિના સર્વે સર્વા ઉપાધ્યક્ષ સમીર પટેલ અને સ્થાનિક કારકૂન દિનેશ બધીયાણીના અમાનવીય વલણથી વારંવાર યાત્રિકો અને સ્થાનિકોને તકલીફો પડી રહી છે.

# ખંભાળિયા નગરપાલિકાની કારોબારી બેઠક સુપેરે સંપન્ન

### રૂા.૨.૬૦ કરોડની ગ્રાન્ટના કામો અંગે ચર્ચા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા નગરપાલિકાની જનરલ બોર્ડ સંભવતઃ આગામી જાન્યુઆરી માસમાં યોજનાર છે. ત્યારે તે પૂર્વે ખંભાળિયા નગરપાલિકા પાલિકાની કારોબારી કમિટીની એક બેઠક યોજવામાં આવી હતી. કારોબારી ચેરમેન હીનાબેન આચાર્યની અધ્યક્ષતામાં પાલિકાના ચીફ ઓફિસર યશવંતસિંહ વાઘેલાની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાને ફાળવવામાં આવેલી રૂપિયા ૨.૬૦ કરવાની વધારાની ગ્રાન્ટમાંથી રસ્તા રીપેરીંગના કામો હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા આ બેઠકમાં કરવામાં આવી હતી. જેમાં પાલિકાને મળેલા ૧૪ ટેન્ડરો અંગેના નિર્ણયો લેવામાં આવ્યા હતા અને નિયમ મુજબ ટેન્ડરોને મંજૂરી આપવામાં આવી હતી. ટેન્ડર રજુ કરનારા આસામીઓ સાથે નીગોસિએશન કરી અને ડિપોઝિટ ભરાવી તાકીદે કામ શરૂ કરવા, અધુરી વિગતવારા તથા અપૂરતા ટેન્ડરોનું રી-ટેન્ડરિંગ કરવા અંગેની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. નગરપાલિકાના સદસ્ય હિતેશભાઈ ગોકાણી દ્વારા અત્રે જૂની લોહાણા મહાજન વાડી નજીકના રસ્તાના રીપેરીંગ અંગેની રજૂઆત સ્વીકારવામાં આવી હતી. આ ઉપરાંત કોર્પોરેટર અજુભાઈ ગાગિયા દ્વારા તિરુપતિ સોસાયટીમાં રસ્તા રીપેરીંગ અંગેની રજૂઆત અંગે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે સાથે ટેન્ડરો બાદ હજુ પણ કામો શરૂ ના કરનારા કોન્ટ્રાકટર સામે નોટિસ અંગેની કાર્યવાહી કરવાનું પણ આ મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કોરોના કાયમ માટે જવાનો નથી એ સત્ય સાથે જ જીવવું પડશે

ફરી એકવાર બારણે કોરોના દસ્તક દઈ રહ્યો છે. ચીનની પરિસ્થિતિ ભયજનક છે. લાખો લોકો સંક્રમિત છે. બીએફ-૭ વાયરસ દુનિયાભરમાં ફેલાશે તેવી આશંકા અસ્થાને તો નથી જ. કેમ કે ૨૦૧૯માં ચીનથી જ વાયરસ દુનિયાભરમાં ફેલાયો હતો અને સમગ્ર વિશ્વને હજી પણ કોરોનાથી કળ વળી નથી, ત્યાં ફરીથી કોરોનાની આશંકા થથરાવી મૂકે તેવી છે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ પાણી પહેલાં પાળ બાંધવાની નીતિ મુજબ ઉચ્ચ અધિકારીઓ સાથે કોરોના મુદ્દે બેઠક યોજી એડવાઈઝરી જાહેર કરી છે. કેન્દ્ર સરકારનું પ્રશંસનીય પગલું છે કે આગોતરા આયોજન વિચારી રહ્યા છે. પરંતુ આ જ સરકાર ચૂંટણી આવે ત્યારે બધી જ એડવાઈઝરી ભૂલી જાય છે. રાહુલ ગાંધીને ભારત જોડો યાત્રા રોકવા માંડવિયા પત્ર લખે તે સારી બાબત છે, પરંતુ હમણાં જ પૂરી થયેલ ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં ક્યાં પ્રોટોકોલનું પાલન કરાયું હતું? લાખો લોકોની જંગી જાહેર સભા અને રોડ શો કરનારા નેતાઓને પછી જ વિવેક બુધ્ધિ જાગે છે. બધી જ વાતમાં રાજનીતિ કરવી એ દરેક પક્ષનો એજન્ડા છે.

ભારતમાં કોરોના વેક્સિનેશન દુનિયાના અન્ય દેશો કરતાં વધુ સારી રીતે થયું છે. ભારતના શ્રેષ્ઠ રસીકરણ કવરેજ અને ટ્રેકરેકોર્ડ જોતાં ભયભીત થવાની જરૂર નથી એવું સીરમ ઈન્સ્ટટ્યિૂટના આદર પૂનાવાલાએ જણાવ્યું છે. દેશની મોટાભાગની વસ્તી વેક્સિનેટેડ છે, પરંતુ બુસ્ટર ડોઝ હજી ઘણાને બાકી છે. આપણી જીવનશૈલી જ એવી છે કે કોઈને કોઈ સંક્રમણ આપણી ઉપર હાવી થઈ જ જાય છે. શરદી તો જાણે ભારતીય પ્રજાનો રાષ્ટ્રીય રોગ છે. દેશમાં સ્વચ્છતા અભિયાનો ચલાવવાં પડે છે, પરંતુ ભારતીય પ્રજામાં ઘર કરી ગયેલી ગંદકી ફેલાવવાની આદતો બદલવા માટે હજારો ગાંધી પણ ઓછા પડે તેમ છે.

ગાંધીજીના આદર્શો ઉપર સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં નવા કુલપતિ આચાર્ય દેવવ્રતદ્વારા સફાઈ અભિયાન ચલાવવું પડે એ શરમજનકબાબત કહી શકાય. જો વિદ્યાનું ધામ ગણાતી આવી પ્રતિષ્ઠિત સંસ્થામાં આવી દશા હોય તો જાહેર સ્થળોએ ગંદકીની તો શું વાત કરવી? સ્વચ્છતાનાં મૂલ્યો આંતરિક હોય. ગાંધીજીને કોઈએ સ્વચ્છતા અભિયાનમાં જોડ્યા ન હતા, તેઓ સ્વયં આંતરિક રીતે સ્વચ્છતાના આગ્રહી હતા.

આપણા નેતાઓ હાથમાં સાવરણા લઈને સ્વચ્છતા અભિયાનના ફોટા પડાવશે પણ પછી રસ્તા ઉપર કચરો નાખતાં અચકાશે નહીં. દેશમાં હાલમાં કોરોના નિયંત્રણમાં છે પરંતુ છલનાસુર એવો કોરોના વાયરસ અલગ-અલગ રૂપ ધરી ફરીથી ત્રાટકશે એનો ભય હજી પણ એટલો જ છે. હર્ડ ઈમ્યુનિટી વધી છે, વેક્સિનેશન પણ દેશની મોટાભાગની વસ્તીને થઈ ગયું છે છતાં આફણી રૂઢ થઈ ગયેલી આદતોને કારણે ફરીથી કોરોના કાળમાં પહોંચી ન જઈએ તેનું ધ્યાન આપણે જ રાખવું પડશે.

૨૦૧૯-૨૦૨૧ સુધીનો ભયાવહ સમયગાળો ફરીથી યાદ કરી લો. ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું હતું. અનેક લોકો કોરોનાના ખપ્પરમાં હોમાઈ ગયા. આપણામાંથી અનેકે તેમના સ્વજનો ગુમાવ્યા. તેની કળ હજી પણ વળી નથી, આર્થિક વ્યવસ્થા પણ હજી પાટા ઉપર ચડી નથી. લાખો લોકોના ધંધા-રોજગાર છીનવાઈ ગયા હતા અને હજી પણ મોંઘવારી સાતમા આસમાને જ છે. આર્થિક ગાડી માંડ પાટા ઉપર ચડી છે ત્યાં ક્ષિતિજે ડોકિયાં દેતા કોરોનાના વાદળોએ ફરીથી ભય ઊભો કર્યો છે. એમ પણ શિયાળામાં ફેફસાં સંબંધીત વાયરસ જન્ય રોગોનો ફેલાવો વધી જ જતો હોય છે. તેવા સમયે ફેફસાં માટે અતિ ઘાત એવા કોરોનાના નવા વેરિયન્ટથી બચવા માટે અત્યારથી જ સાવધ રહેવું જરૂરી છે.

ફરી એકવાર માસ્ક પહેરવાં પડશે. કોરોનાની રસીના બૂસ્ટર ડોઝ હજી ઘણાએ લીધા નથી, એ પણ લેવા પડશે. હાલમાં ચારેબાજુ ધાર્મિક, સામાજિક અને રાજકીય મેળાવડાઓ ચાલી રહ્યા છે. અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દિ મહોત્સવમાં રોજના લાખો માણસો એકઠા થઈ રહ્યા છે. આ સિઝનમાં વિદેશથી એનઆરઆઇ પણ એટલા જ આવી રહ્યા છે. એરપોર્ટ ઉપર કોરોના સંબંધિત એડવાઈઝરી નામની જ કાર્યરત છે. ભારતમાં બધું જ શક્ય છે, પછી ભલેને તેના કારણે લાખો લોકોના જીવ જોખમમાં મૂકાય! પોતાને થયેલા સંક્મણને છૂપાવીને લોકો ભીડમાં ભળી જઈ અનેકને ચેપ લગાવે છે.

હાલમાં આપણા દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૦૦૦ ઉપર છે. આ તો સત્તાવાર આંકડો છે, સાચો આંકડો કોઈને ખબર નથી. કોરોના કાયમ માટે જવાનો નથી એ સત્ય સાથે જ જીવવું પડશે. શરદી-ઉધરસની જેમ કોરોના પણ બારમાસી થઈને જ રહેશે એવું સમજીને થોડીક સાવચેતી રાખીશું તો તેની ભયાવહ અસરોથી ચોક્કસ બચી જઈશું. ભીડ કે ટોળામાં જવાનું ટાળીએ. ભગવાનને ખોળવા મંદિરો કે મેળાવડાઓમાં જવાની જરૂર નથી. સેનિટાઈઝેશનને જીવનનો અનિવાર્ય હિસ્સો બનાવી લઈએ. હાથને પણ વારંવાર સાફ કરવાની આદત પાડીએ. આ બધું આપણે કરેલું જ છે. ફરીથી શીખવવાની જરૂર નથી.

## કોરોના વાયરસને લઈને ભારત સરકાર એલર્ટ થઈ ગઈ

# કોરોનાથી ગભરાવાની જરૂર નથી, કાર્યક્રમો ચલાવો પણ સતર્કતા રાખોઃ માંડવિયા

### સરકારની કથની અને કરનીમાં ભેદભાવ : કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સરકારી ઉત્સવોને લઈને ગોળગોળ જવાબ આપ્યો

અમદાવાદ, તા.૨૬

વિશ્વમાં કોરોના વાયરસે ફરી હાહાકાર મચાવી દીધો છે. જેને લઈને ભારત સરકાર એલર્ટ થઈ ગઈ છે. સરકારે વિદેશથી ભારતમાં આવનારા પ્રવાસીઓ માટે ગાઈડલાઈનજાહેર કરી છે. જેમાં સરકારે કહ્યું છે કે ચીન, જપાન, સાઉથ કોરિયા, હોંગ કોંગ તથા થાઈલેન્ડથી આવતા તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. તે ઉપરાંત જો કોરોનાના લક્ષણો દેખાશેતો ક્વોરન્ટીન થવું પડશે. આ સાથે જ અમદાવાદમાં નેશનલ ઈન્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (નાઈપર)ના ૯મા કોન્વોકેશનમાં આવેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએનિવેદન આપતાં કહ્યું હતું કે, કોવિડ મહામારીનેફેલાતી અટકાવવા ભારત સરકાર એલર્ટ છે. લોકોએ ગભરાવાની જરૂર નથી. પરંતુ તેમની કથની અને કરનીમાં ભેદભાવ હોવાથી લોકો પણ મુંઝવણમાં મુકાયા હતાં. તેમણે સરકારી ઉત્સવોને લઈને ગોળગોળ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતુંકે, કાર્યક્રમો ચલાવો પણ સતર્કતા રાખો.

અમદાવાદમાં યોજાનારા કાંકરિયા કાર્નિવલ અને ફલાવર શોને લઈને તેમણે કહ્યું હતું કે, કાર્યક્રમો ચલાવો પણ સતર્ક રહો. દરેક નાગરીક કોવિડ પ્રોટોકોલ નું પાલન કરે. ચોથી વેવ દેશમાં ન આવે તે માટે સતર્કતા રાખવી જરૂરી છે. એક તરફ સરકાર સોશિયલ ડિસ્ટન્સ રાખીને મેળાવડા નહીં કરવાની સુફિયાણી સલાહ આપી રહી છે. તો બીજી બાજુ ખુદ કેન્દ્રીય આરોગ્ય મંત્રી સરકારના ઉત્સવોને લઈને ગોળગોળ જવાબો આપી રહ્યાં છે. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફલાવર શો યોજાશે કે નહીં તે અંગે તેઓ ખુદ મૂંઝવણમાં જોવા મળ્યા હતાં. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને પણ મેળવડા નહીં કરવાની સલાહ આપી છે. માંડવિયાએ કહ્યું હતું કે, લોકોએ માસ્ક પહેરવું જોઈએ અને સરકારે તૈયાર કરેલી ગાઈડલાઈનનું પાલન કરવું જોઈએ.

કોરોનાના સંકટને ધ્યાનમાં લઈને વિદેશથી ભારત આવતાં લોકો માટે કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ચીનમાં કોરોના વાયરસના કારણે સર્જાયેલી તબાહીને ધ્યાનમાં રાખીને ભારત પણ એલર્ટ થઈ ગઈ છે. સરકાર દ્વારા જરૂરી ગાઈડલાઈન પણ બહાર પાડવામાં આવી છે. તેને અંતર્ગત ભારતમાં આજથી જ આંતરરાષ્ટ્રીય મુસાફરો કેન્દ્ર સરકારે આદેશ કર્યો છે કે ચીન, જાપાન, સાઉથ કોરિયા, હોંગ કોંગ તથા થાઈલેન્ડથી આવતાં તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. . આજથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાંથી આવતા તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે. અને જો લક્ષણ ધરાવતા હશે તો ક્વોરન્ટાઈન રહેવું પડશે. કોરોનાના વધતા ખતરાને જોતા આજે સવારે ૧૦ વાગ્યાથી આંતરરાષ્ટ્રીય મુસાફરોના આરટીપીસીઆર ટેસ્ટ શરુ કરી દેવામાં નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારની એડવાઈઝરી મુજબ એરપોર્ટ પર આવતા તમામ મુસાફરોને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. આ સાથે એરપોર્ટમાં પ્રવેશતા, ત્યાં હાજર આરોગ્ય અધિકારીઓ મુસાફરોની થર્મલ સ્ક્રીનીંગ પણ કરશે. તેમજ જો આરોગ્ય અધિકારીઓને કોઈ યાત્રીમાં કોરોનાના લક્ષણો જોવા મળે છે, તો તેને પ્રોટોકોલ હેઠળ તબીબી સુવિધા આપવામાં આવશે. આરોગ્ય વિભાગે એરપોર્ટ પર આવતા તમામ મુસાફરોને પ્રોટોકોલનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. કોરોના સંકટ વચ્ચે કેન્દ્ર સરકારે એક મહત્વનો નિર્ણય કરી આદેશ કર્યો છે કે હવે ચીન, જપાન, સાઉથ કોરિયા, હોંગ કોંગ તથા થાઈલેન્ડથી આવતા તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. તેમજ જો લક્ષણ હશે તો ક્વોરન્ટાઈન રહેવું પડશે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના વૈજ્ઞાનિક કહ્યું કે, 'હાલમાં ભારતમાં કોરોનાનો દૈનિક પોઝિટિવ દર ઓછો છે. આમાં કોઈ ખાસ વધારો જોવા મળી રહ્યો નથી, પરંતુ એવું થઈ શકે છે કે આ વાયરસ પરિવર્તિત થઈ જાય. જો કે આનો અર્થ એ નથી કે આનાથી મૃત્યુદરમાં વધારો થશે, પરંતુ કેસોમાં જરૂરથી વધારો થઈ શકે છે આ કારણથી વૃદ્ધોએ સાવચેત રહેવાની જરૂર છે.

## વર્મા અત્યારે માસ્ટરકાર્ડમાં મુખ્ય કાનૂની અધિકારી છે

# ભારતીય-અમેરિકન રિચાર્ડ આર વર્મા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં ટોચના રાજદ્વારી પદ માટે નામાંકિત

### વ્હાઈટ હાઉસના એક પ્રકાશન અનુસાર, બાઈડેન એ વર્માને સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં મેનેજમેન્ટ અને સંશાધનના ડેપ્યુટી સેક્રેટરી તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૨૬

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન એ શુક્રવારે ભારતીય-અમેરિકન રિચાર્ડ આર વર્માને યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં ટોચના રાજદ્વારી પદ માટે નામાંકિત કર્યા છે. વ્હાઈટ હાઉસના એક પ્રકાશન અનુસાર, બાઈડેન એ વર્માને સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં મેનેજમેન્ટ અને સંશાધનના ડેપ્યુટી સેક્રેટરી તરીકે નિયુકત કરવાની જાહેરાત કરી.

વર્મા અત્યારે માસ્ટરકાર્ડમાં મુખ્ય કાનૂની અધિકારી અને ગ્લોબલ પબ્લિક પોલિસીના વડા છે. ઓબામા વહીવટ દરમિયાન તેઓ ભારતમાં યુએસ એમ્બેસેડર અને સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં કાયદાકીય બાબતો માટે સહાયક સચિવ હતા. રિચર્ડ વર્મા યુએસ એરફોર્સ માટે પણ કામ કરી ચૂક્યા છે

પ્રકાશમાં જણાવાયું છે કે, અગાઉ યુએસ સેનેટર હેરી રીડના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે સેવા આપી હતી. તેમણે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પણ સેવા આપી છે. તે સમયે તેઓ ડેમોક્રેટિક પાર્ટીના વ્હીપ, લઘુમતી નેતા અને યુએસ સેનેટના તત્કાલીન બહુમતી નેતા હતા. રિચાર્ડ વર્મા યુએસ એરફોર્સમાંથી નિવૃત્ત થયા છે, જ્યાં તેમણે જજ એડવોકેટ તરીકે સક્રિય ફરજ પર સેવા આપી હતી. તેમના સૈન્ય ચંદ્રકોમાં મેરીટોરીયસ સર્વિસ મેડલ અને એર ફોર્સ ક્મેન્ડેશન મેડલનો સમાવેશ થાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

વિનમ્રતા, જીજ્ઞાસા અને સેવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાયછે.

-ગીતાજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૪ વિનાયક ચતુર્થી, જોરમેલા (પંજાબ), બોક્સીંગ ડે, પંચક (પરોઢે ૩ઃ૩૯ ક.થી શરૂ) તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૨, સોમવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨, શ્રવણ નક્ષત્ર, હર્ષણ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૧૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૩ઃ૩૨ ક.પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## તાલિબાનના શાસન બાદ અફઘાનમાં મહિલાઓ પર અનેક પ્રતિબંધ

# મહિલાઓના ઉચ્ચ શિક્ષણ ઉપર પ્રતિબંધનો કાબુલમાં ભારે વિરોધ

### કાબુલમાં યુનિવર્સિટીની બહાર મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી અને તાલિબાની સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું

નવી દિલ્હી, તા.૨૬

અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસન બાદ મહિલાઓને અનેક પ્રકારના પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે. હેવ તાલિબાન શાસને તેમના ઉચ્ચ શિક્ષણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ત્યારબાદ ત્યાંની મહિલાઓમાં આક્રોશ છે.

સરકારના નિર્ણયના વિરોધમાં કાબુલમાં યુનિવર્સિટીની બહાર મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી અને તાલિબાની સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ૨૩ વર્ષીય વિદ્યાર્થીની અમિનીનું કહેવું છે કે અમે બધા પિંજરામાં બંધ પક્ષીઓ જેવું અનુભવીએ છીએ. અમે એકબીજાને ગળે વળગીને રોઈ રહ્યા છીએ અને કહી રહ્યા છીએ કે અમારી સાથે જ આવું કેમ થઈ રહ્યું છે. અમિની પોતાની ૩ બહેનો સાથે વિરોધ પ્રદર્શનમાં સામેલ થઈ હતી. તેમાંથી ૨ના માધ્યમિક શિક્ષણ પર પ્રતિબંધ છે.

તમને જણાવી દઈએ કે, તાલિબાની સરકારે મંગળવારના રોજ એક વટહુકમ બહાર પાડીને મહિલાઓના અધિકારોને વધુ કડક બનાવ્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે ખાનગી અને જાહેર યુનિવર્સિટીઓમાં મહિલા વિદ્યાર્થીઓનો પ્રવેશ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે છે. આ આદેશ આગામી સૂચના સુધી ચાલુ રહેશે.

અફઘાનિસ્તાનમાં શિયાળાની રજાઓના કારણે યુનિવર્સિટીઓ પહેલાથી જ બંધ હતી. જો કે અત્યાર સુધી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ લાઈબ્રેરીમાં અભ્યાસ કરી શકતા હતા પરંતુ આ આદેશ બાદ મહિલાઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. મહિલાઓના અધિકારો અંગે તાલિબાની સરકારના નવા આદેશના વિરોધમાં પુરૂષ વિદ્યાર્થીઓ પણ સામે આવ્યા છે. પૂર્વી શહેર જલાલાબાદમાં કેટલાક પુરુષ વિદ્યાર્થીઓએ નિર્ણયના વિરોધમાં પોતાની પરીક્ષાઓ છોડી દીધી હતી. ત્યારે કાબુલમાં એક પુરુષ વિદ્યાર્થીનું કહેવું છે કે મારી બહેન કમ્પ્યુટર સાઈન્સની વિદ્યાર્થીની છે. મેં આ આદેશ વિશે જાણ નહોતી કરી કારણ કે તેનાથી તેને ઉંડો આઘાત લાગશે. ત્યારે કાબુલમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈ રહેલા ૫ વિદ્યાર્થીનીઓની ધરપકડ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ આ મામલે ૩ પત્રકારોની પણ અટકાયત કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, સત્તામાં પાછા ફર્યા બાદ તાલિબાને મહિલાઓના અધિકારોની હિમાયત કરી હતી. જો કે ત્યારબાદ તેમણે મહિલાઓ પર અનેક પ્રકારના પ્રતિબંધો લાગૂ કર્યા હતા.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૬-૧૨-૨૦૨૨ થી ૧-૧-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. સંતાનોથી લાભ થાય. આરોગ્ય એકંદરે સારૂ રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારૂ અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય. મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમ્યાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય. મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમ્યાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે. આકસ્મિક ચિંતા ઉદભવે. મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમ્યાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. જૂની ઓળખાણથી લાભ મળીજાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ. આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન મિત્રપરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતો સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમ્યાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારૂ નીવડે. ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે. માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમ્યાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય. આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમ્યાન વ્યર્થ ક્રોધ ઉપર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ ઉપર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે. પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

### સી.એ. પ્રોફેશનલ્સ અને સ્ટુડન્ટ્સને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યું આહ્વાન

# ટેક્ષ માત્ર કાયદો કે નિયમ નહીં, પરંતુ રાષ્ટ્રના વિકાસમાં આપણો સહયોગ છે

### યુવા શક્તિ અગ્રેસર બનીને દેશને વૈશ્વિક વિકાસ તરફ લઈ જઈ શકે તેમ છે

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સી.એ. પ્રોફેશનલ્સ અને સી.એ. સ્ટુડન્ટ્સને આહ્વાન કર્યું છે કે, દેશના અમૃતકાળમાં ભારત અને ગુજરાતનો વિકાસની નવી ઊંચાઈઓ સર કરાવવાનું રાષ્ટ્રનિર્માણ દાયિત્વ તેઓ નિભાવે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આજે વિશ્વનું પાંચમા ક્રમનું અર્થતંત્ર બન્યું છે. આપણું લક્ષ્ય ભારતને ફાઈવ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી બનાવવાનું છે તે સિદ્ધ કરવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ઠાપૂર્વક યોગદાન આપી શકે તેમ છે. આજે અનેક ક્ષેત્રોમાં ઘણી બધી વિકાસ તકોનું નિર્માણ થયું છે અને આ તકનો લાભ સૌએ લેવો જોઈએ. એમ, જણાવતા વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનો દેશમાં વિકાસની રાજનીતિનો પ્રારંભ કર્યો છે અને આ વિકાસની રાજનીતિને કારણે આજે ગુજરાત દેશમાં નંબર વન અને ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહીં, ગુજરાતનું વિકાસ મોડલ દુનિયામાં વખણાઈ રહ્યું છે અને તેનો લઈને આજે વિશ્વના અન્ય દેશો ભારતમાં રોકાણ કરવા આવી રહ્યા છે અને ભારતમાં આવ્યા બાદ તેઓની પ્રથમ પસંદગી ગુજરાત હોય છે એ આપણા સૌ માટે ગર્વની વાત છે. મુખ્યમંત્રીએ યુવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સ્ટુડન્ટ્સને પ્રેરણા આપતાં જણાવ્યું કે, ટેક્સ એ માત્ર નિયમ કે કાયદો નાહીં, પરંતુ રાષ્ટ્રના વિકાસમાં આપણો સહયોગ છે એવો રાષ્ટ્રહિત-સમાજહિત ભાવ સમાજમાં ઉજાગર કરવામાં આ યુવાશક્તિ અગ્રેસર બનીને દેશનો વૈશ્વિક વિકાસ તરફ લઈ જઈ શક

### ચૂંટણીમાં પ્રચંડ જીત બાદ ધારાસભ્યોનો સન્માન સમારંભ યોજવાની તૈયારીઓ

# કોરોનાના તોળાતા ભય વચ્ચે ભાજપ સુરતમાં ૩૦ હજારની ભીડ ભેગી કરશે

### રાહુલ ગાંધીને કોરોનાને લઈ યાત્રા રોકવાનું કહેનારા કાર્યક્રમ માટે મક્કમ !

સુરત, તા.૨૬

એક તરફ ચીન સહિત વિશ્વના અનેક દેશોમાં કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે ત્યારે ભારતમાં પણ સરકાર દ્વારા કોરોના અંગે ગાઈડલાઈન જારી કરવામાં આવી રહી છે અને તેને પગલે કેન્દ્રીયમંત્રી રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનેઅટકાવી દેવા અથવા તો કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા નિર્દેશ કરે છે.ત્યારે બીજીતરફ સુરતમાં ભાજપ દ્વારા ચૂંટાયેલા ધારાસભ્યોનું સન્માન કરવા ૩૦ હજાર કાર્યકરોની ભીડ એકઠી કરવા આયોજન કરાઈ રહ્યું છે. જેમાં ભલે કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરાવવાનો દાવો કરાઈ રહ્યો હોય પરંતુ હજારોની સંખ્યામાં ભેગા થતાં કાર્યકરો કેવી રીતે કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરશે તે તો આપણે ભૂતકાળમાં જોયું જ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મોટા વિજય બાદ ભાજપ હવે સુરતમાં ધારાસભ્યોનું સન્માન સમારોહ માટે આયોજન કરી રહી છે. સુરતના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે ૩૦હજાર જેટલા કાયર્કરોને ભેગા કરીનેભાજપ ભવ્યસંમેલન માટેની તૈયારી કરી રહી છે. એક તરફ ભાજપ દ્વારા સુરતમાં મોટી મેદની ભેગા કરવા માટે કવાયત શરૂ થઈ છે તો બીજી તરફ સુરત સહિત દેશમાં કોરોના સંક્રમણ ફરીથી ફેલાય તેવી ભીતિ વ્યક્ત થતાં સરકાર દ્વારા વિવિધ સૂચનાઓ જાહેર કરવામાં આવી રહી છે. સુરત પાલિકા સહિત સરકાર કોવિડ સંક્રમણ રોકવા અને કોવિડ સંક્રમણથાય તો લોકોને સારવાર કઈ રીતે ત્વરિત મળી શકે તે માટેની તૈયારી કરી રહી છે તો બીજી તરફ શહેર ભાજપ દ્વારા ભૂપેન્દ્ર પટેલની સરકારમાં નવ નિયુક્ત થયેલા મંત્રીઓ અને ધારાસભ્યોના સન્માન માટે ૩૦ હજારથી વધુ કાર્યકરો ભેગા કરશે. જો કે, શહેર ભાજપ દ્વારા એવી સ્પષ્ટતા કરાઈ છે કે, ભાજપના સન્માન સમારોહમાં કોવિડની ગાઈડલાઈનનું પાલન પણ કરવામા આવશે. ભાજપ દ્વારા આવા પ્રકારની જાહેરાત તો કરવામાં આવી છે પરંતુ કોવિડની ગાઈડલાઈનનું પાલન કેટલું થશે તે જોવું રહ્યું.

# શ્રી દ્વારકાધીશના મુખ્ય મંદિર પાસેની અવ્યવસ્થાઓથી યાત્રિકો પરેશાન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૬

યાત્રાધામ બેટ-દ્વારકામાં રાજ્ય, દેશ અને પરદેશથી વર્ષ દરમ્યાન લાખો યાત્રિકો દર્શન માટે આવે છે ત્યારે દેવસ્થાન સમિતિએ યાત્રિકોની સવલતો-સગવડતાઓ ઉભી કરવી જોઈએ પરંતુ અહીં યાત્રિકો માટે સૌચાલય, પેશાબ ઘર, બેસવાની વ્યવસ્થા, આરામની વ્યવસ્થા, પીવાનું પાણી કે અન્ય વ્યવસ્થાઓનાં કોઈ ઠેકાણા નથી ! મુખ્ય મંદિરની આગળની ભાગમાં પશુઓ, કૂતરાઓ, પશુઓનાં મળ-મૂત્ર અને ગંદકી કાયમી માટે રહેછે અને આ અંગે અનેક રજૂઆતો થવા છતાં યાત્રાધામ બેટ દ્વારકાની દેવસ્થાન સમિતિના સભ્યો અને હોદ્દેદારોપોતાના આંખ અનેકાન કાયમી માટે જાણે બંધ કરેલા હોય તેવી પરિસ્થિતિ સર્જાયેલી રહે છે !.અત્રે ઉલેખનિય છે કેયાત્રાધામ બેટ-દ્વારકાની દેવસ્થાન સમિતિ મંદિરનું સંચાલન કરે છે ત્યારે મંદિરનાં અરબો ખરબોનાં ખજાનાઅંગે સ્થાનિક ૪ ટ્રસ્ટીઓ અનેહોદેદારોએ મૌન સેવી લીધુ છે. આ ઉપરાંત યાત્રિકો અનેક રીતે પરેશાન થઈ રહ્યા છે, મંદિરનાં પુજારીઓ અનેબ્રાહ્મણો પણ આ સમિતિના સમીર પટેલ અને સભ્યોના વલણથી તંગ આવી ગયા છે. બેટ-દ્વારકા ધર્મરક્ષા સમિતિએ આ તમામ મુદે હવે લડત લડવાનું મન બનાવી લીધુ છે. યાત્રાધામ બેટ-દ્વારકાની સમસ્યાઓનાં નિવારણ માટે ધર્મરક્ષા સમિતિએદ્વારકા પ્રાંતઅધિકારી દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરેલ હોવા છતા ૩ માસથી કોઈ નિવેડો ન આવતા જાન્યુઆરી-૨૦૨૩ થી નવી લડતના મંડાણ કરાશે તેમ બેટ-દ્વારકા ધર્મરક્ષા સમિતિનાં પ્રમુખ અજય રાઠોડે જણાવેલ છે.

# ખંભાળિયામાં જીલ્લા એન.એસ.યુ.આઈ. અને યુવક કોંગ્રેસની મહત્વની બેઠક યોજાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬



ખંભાળિયા પંથકના વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે સતત લડત કરતા કાર્યકર દાના માડમને કોંગ્રેસ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ પદે નિમણુંક કરવામાં આવી છે. આ બાબતે ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા એન.એસ.યુ.આઈ. અને યુવક કોંગ્રેસના આગેવાનોની મહત્વની મિટિંગ યોજાઈ હતી. આગામી દિવસોમાં જિલ્લામાં સંગઠનને મજબુત બનાવવા અને વિદ્યાર્થીઓના પ્રશ્નોની મજબુત લડત આપવા રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. આના અનુસંધાને જિલ્લા એન.એસ.યુ.આઈ. પ્રમુખ દાના માડમઅનેયુવક કોંગ્રેસનાપ્રમુખ સંજયભાઈ આંબલિયાની આગેવાની હેઠળ ગોવિંદ આંબલિયા, સાગર ગોજીયા, હિતેષ નકુમ, કપિલ ત્રિવેદી, ગોવિંદ કરમુર, યુવરાજસિંહ વાઢેર, ગોવિંદ કણઝારીયા, જયદિપ ભોચીયા, હર્ષિલ બારોટ સહિતના કાર્યકરો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત જીલ્લા કક્ષાનો વર્કશોપ યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સુશાસન સપ્તાહ અંતર્ગત પ્રશાસન ગાંવ કી ઓર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયાની જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર એમ.એ. પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના આ વર્કશોપનો પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું હતું કે, જનહિતના વિવિધ કામો છેવાડાના માનવીને પણ સરળતાથી મળી રહે તે હેતુ સાથે કામગીરી કરવી. રાત્રિસભા યોજી, ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત કરી લોકોના પ્રશ્નો સાંભળી તેમનો નિકાલ કરવામાં આવે. મિશન ૨૦૪૭માં દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકો વિવિધ યોજનાનો લાભ મેળવી આર્થિક રીતે આત્મનિર્ભર બને તે દિશામાં આગળ વધીએ. અને રાત્રીસભાના માધ્યમથી ગ્રામજનોના પ્રશ્નોનું નિરાકરણ લાવીએ. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણીએ જણાવ્યું કે, સુશાસન એટલે એવું શાસન કે જેમાં નાગરિકોનો વિકાસ થાય અને પ્રગતિ કરે. દરેક અધિકારીઓએ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત કરી ગ્રામજનોના પ્રશ્નો સાંભળવા જોઈએ અને તેનું તાત્કાલિક નિરાકરણ લાવવા પ્રયત્નો કરવા જોઈએ. આ સાથે જિલ્લામાં કરવાના આવેલ શ્રેષ્ઠ કામગીરી નલ સે જલ યોજના, સુઝલામ સુફલામ જલ યોજના અને પ્રોજેક્ટ તુષ્ટિ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. નલ સે જલ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સો ટકા નળ જોડાણ અંગેની કામગીરી પૂર્ણ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૪ ફિલ્ડ ટેસ્ટ કીટ અને ૧૦૦ જેટલી શાળાઓમાં ફિલ્ડ ટેસ્ટ કીટ આપવામાંઆવી છે. આ સિવાય ફિલ્ડ ટેસ્ટ કીટ અંગેની તાલીમ પણ આપવામાં આવી હતી અને ૧૦૦ દિવસનું શાળા અને આંગણવાડીમાં અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ અંગે વાસ્મોના યુનિટ મેનેજર દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તળાવો ઊંડા ઉતારી





જળ સંગ્રહ ક્ષમતા વધારવામાં આવી છે.સુજલામ સુફલામજલ યોજના અંતર્ગત વર્ષ ૨૮૨૨-૨૩માં જિલ્લામાં રૂા.૭૧૫.૮૩ લાખના ખર્ચે ૧૭.૮૦ લાખ ક્યુબિકમીટરક્ષમતા વધીછે.દર વર્ષે આ અભિયાન ૧ એપ્રિલથી ૩૧ મે સુધી હાથ ધરવામાં આવે છે. અનેઆ જળ સંગ્રહ ક્ષમતા વધતા લોકોને પીવાનું પાણી મળી રહેશે તેમજ સિંચાઈ માટે વધુ પાણી મળી રહેવાથી ખેડુતો વધુ સારો પાક મેળવી શકશે તેમજ આગામી સમયમાં હજું પણ તળાવો ઊંડા ઉતારી પાણીની સંગ્રહક્ષમતા વધારવામાંઆવશે. જેથી ખેડૂતોને પુરતા પ્રમાણમાં સિંચાઈ માટેપાણી મળી રહેઅને ખેડુતો પાક સરળતાથી લઈ શકે. આ યોજનાના કારણે જિલ્લાના ભૂગર્ભજળનોસ્તર ઉંચુઆવ્યુંછે. આ અંગે સિંચાઈ (પંચાયત) વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાને કુપોષણ મુક્ત કરવા અંગે ચાલી રહેલા પ્રોજેક્ટ તુષ્ટી અંતર્ગત બાળકોને આપવામાં આવતી પોષણકીટ અને સારવાર અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ચાઈલ્ડમાલન્યુટ્રિશન ટ્રીટમેન્ટ સેન્ટરમાં ભાણવડ તાલુકામાં ૩૬ અને દ્વારકા તાલુકામાં ૩૧ બાળકોની સારવાર કરવામાં આવી હતી. આ વર્કશોપમાં devbhumi dwarka@૨૦૪૭ અન્વયે જિલ્લાના તમામ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જિલ્લાના અધિકારીઓ પાસેથી devbhumi dwarka@૨૦૪૭અંતર્ગત વહિવટી સુધારણા કરી, લોકહિતલક્ષી સેવાઓમાં સરળીકરણ કરી અને સેવાઓનું ડીઝીટીલાઈઝેશન કરી લોકોને વધુ ઝડપી અને સરળ રીતે સેવાઓ પુરી પાડી શકાય તે માટે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ નિવાસી અધિક કલેકટર જે.આર. પરમાર, ખંભાળિયાના પ્રાંત અધિકારીપાર્થ કોટડિયા, નાયબ જિલ્લાચૂંટણી અધિકારી આસ્થા ડાંગર, તાલુકાઓના મામલતદાર, ચીફ ઓફિસર, તાલુકા વિકાસ અધિકાર સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ પણ આ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા : વિદ્યાર્થિની બાળાના જન્મદિવસ નિમિત્તે ગ્રામ્ય શાળામાં વિશિષ્ટ ઉજવણી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬



ખંભાળિયામાં રહેતી અને જામનગરની શાળામાં અભ્યાસ કરતી નવ વર્ષીય બાળા મિસરીના જન્મદિવસ નિમિત્તે ગઈકાલે ખંભાળિયાના રામનગર વિસ્તારમાં આવેલી દેરા મોરા પ્રાથમિક શાળામાં વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ધોરણ એક થી આઠમાં અભ્યાસ કરતા તમામ ૨૧૬ બાળકોને કંપાસ, નોટબુક, બોલપેન, સ્કેચપેન કલર જેવી શૈક્ષણિક ચીજ-વસ્તુઓની કિંમતી કીટ આપવામાં આવી હતી. આ આયોજન દરમ્યાન મિસરીના દાદા જયંતીભાઈ મોદી, દાદી શોભનાબેન, પિતા સાગરભાઈ તથા માતા વિરાલીબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આયોજન માટે ગામના સરપંચ સુનિલભાઈ, સભ્ય લલીતભાઈ, મુકેશભાઈ વિગેરે જોડાયા હતા. જેમાં શાળા પરિવાર વતી શાળાના આચાર્ય જયોતિષભાઈ ચૌધરીએ જરૂરી વ્યવસ્થા જાળવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી દ્વારકાધીશનાં પરમ ભકત દ્વારા સોનાનાં આભુષણો અર્પણ કરાયા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૬



પવિત્ર દિવસે યાત્રાધામ દ્વારકામાં શ્રી દ્વારકાધીશજીના પરમ ભક્ત નૈસર્ગીબેન તથા સલોનીબેન પટેલ દ્વારા તા.૨૪/૧૨/૨૦૨૨ના શ્રીજીને સોનાના આભૂષણો અર્પણ કરવામાં આવ્યા હતા.

# એક વર્ષના ભરતી અભિયાન છતાં, આઈઆઈટીએસ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અનામત જગ્યાઓમાંથી માત્ર ૩૦% જ ભરતી થઈ છે

નવી દિલ્હી, તા.૨૬

ધ હિંદુએ અહેવાલ આપ્યો છે કે, ભદ્ર યુનિવર્સિટીઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના અધ્યાપકોની ભરતી કરવા માટે સપ્ટેમ્બર ૨૦૨૧માં શરૂ થયેલી લાંબી 'ભરતી ઝુંબેશ'ની પૃષ્ઠભૂમિ સામે નિરાશાજનક પરિણામો સામે આવ્યા છે. આ જગ્યાઓ ભરવા માટે એક વર્ષ લાંબી ભરતી હોવા છતાં આરક્ષિત કેટેગરી હેઠળ માત્ર ૩૦% ફેકલ્ટીની ખાલી જગ્યાઓ જ ભરાઈ હતી. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ અને સપ્ટેમ્બ ૨૫ ૨૦૨૨ની વચ્ચે, ૧,૪૩૯ ખાલી જગ્યાઓ હતી જેની સામે માત્ર ૪૪૯ ફેકલ્ટી સભ્યોની ભરતી કરવામાં આવી હતી. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસિસ્ટ)ના એસ. વેંકટેશન દ્વારા લોકસભામાં આ પ્રશ્ન પૂછવામાં આવ્યા પછી આ ડેટા જાહેર થયો અને શિક્ષણ રાજ્યમંત્રી, અન્નપૂર્ણા દેવીએ આ 'ભરતી અભિયાન' અંગે ડેટા રજૂ કર્યા હતા. કેન્દ્ર સરકારે દેશભરની ૨૩ IIT અને ૪૫ કેન્દ્રીય યુનિવર્સિટીઓને આ આરક્ષિત કેટેગરીઝ હેઠળ શિક્ષણની જગ્યાઓ ઉપર ખાલી જગ્યાઓ ભરવા માટે નિર્દેશ આપ્યો હતો. જો કે, એક વર્ષથી વધુ સમય પછી, માત્ર ૧૦ આઈઆઈટી પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ માટે આ કેટેગરીમાં ૩૪૨ ખાલી જગ્યાઓ અને આ કેટેગરીમાં કુલ ૨૩૭ જગ્યાઓમાં ૧૯ આઈઆઈટીમાં જગ્યાઓ ભરાઈ હતી. આઈઆઈટી બોમ્બેના આંબેડકર પેરિયાર ફૂલે સ્ટડી સર્કલ (એપીપીએસસી) દ્વારા કરવામાં આવેલા ડેટા વિશ્લેષણમાં જણાવ્યું હતું કે, ૧૩ આઈઆઈટી આ ભરતી અભિયાનમાં જગ્યા ભરવા માટેની ખાલી જગ્યાઓ ભરવામાં અસમર્થ હતા કારણ કે તેઓ ફેકલ્ટી હોદ્દા માટે અન્ય કેડરમાળખાને અનુસરે છે. આ વિશ્લેષણ દર્શાવે છે કે આ ભરતી કવાયતના અંતે ૧૪ આઈઆઈટીમાં ૩૫૮ ખાલી જગ્યાઓ રહી હતી. APPSCએ પણ શોધી કાઢ્યું હતું કે એક વર્ષના સમયગાળા દરમ્યાન આઈઆઈટી ખડગપુર, આઈઆઈટી રૂરકી, IIT ISM ધનબાદ, આઈઆઈટી તિરૂપતિ, આઈઆઈટી ગોવા અને આઈઆઈટી ધારવાડમાં કોઈ ST ઉમેદવારોની ભરતી કરવામાં આવી નથી. આઈઆઈટી રૂરકીમાં કોઈ SC ઉમેદવારની ભરતી કરવામાં આવી ન હતી. તેમાં એ પણ જાણવા મળ્યું કે મોટા ભાગની આઈઆઈટીએ SC/ST/OBC ઉમેદવારોની પ્રોફેસર અને એસોસિયેટ પ્રોફેસર સ્તરે ભરતી કરી નથી. સરકારી ડેટા દર્શાવે છે કે ૪૫ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાંથી માત્ર ૩૩ એ અનામત શ્રેણીઓમાં કુલ ૧,૦૯૭ખાલી જગ્યાઓમાંથી માત્ર ૨૧૨ જ જગ્યાઓ ભરાઈ હતી. આ ૩૩ યુનિવર્સિટીઓમાંથી, તેમાંથી ૧૮એ કોઈપણ SC/ST/OBC ટીચિંગ ફેકલ્ટીની ભરતી કરી નથી. આ ડેટા મુજબ, આ ૧૮ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં ૭૫ ખાલી જગ્યાઓ છે,૨ બનારસ હિંદુ યુનિવર્સિટીએ ૧૧૪ ખાલી જગ્યાઓ છે અને બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીએ સાત ખાલી જગ્યાઓ છે. આમાંની કોઈપણ યુનિવર્સિટીમાં આ ખાલી જગ્યાઓમાંથી કોઈ પણ જગ્યા ભરાઈ નથી. ઓછામાં ઓછી ૧૨ સેન્ટ્રલ યુનિવર્સિટીઓએ આ ડ્રાઈવ દરમ્યાન કોઈપણ ફેકલ્ટીની ભરતી કરી ન હતી, આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં, સરકારી ડેટા દર્શાવે છે કે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અધ્યાપન ફેકલ્ટી માટે SC/ST/OBC કેટેગરીમાં ૯૨૦થી વધુ પદોનો સંયુકત બેકલોગ હતો. પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ, સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કેન્દ્ર સરકારને કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓ (શિક્ષક સંવર્ગમાં અનામત) અધિનિયમ, ૨૦૧૯ હેઠળ પૂરી પાડવામાં આવેલ જેમાં ફેકલ્ટી સભ્યોની ભરતી માટે અનામત નીતિનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. આ અધિનિયમ SC, ST, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે કેન્દ્રીય સંસ્થાઓમાં શિક્ષણની જગ્યાઓ માટે કવોટા પ્રદાન કરે છે.


આ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આઈઆઈટી બંધારણીય આદેશ મુજબ અનામતની માર્ગદર્શિકાનું પાલન કરી રહી નથી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે આઈઆઈટી ફેકલ્ટી સભ્યોની ભરતીની પારદર્શક પ્રક્રિયાને અનુસરી રહી નથી, અને ભ્રષ્ટાચાર, પક્ષાપાત અને ભેદભાવની શક્યતાઓ સાથે આ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પ્રવેશવા માટે બિન-લાયક ઉમેદવારો આવ્યા હતા. આ અરજીમાં અનામતના નિયમોના ઉલ્લંઘનને કારણે નોન-પરફોર્મિંગ ફેકલ્ટીની ભરતી રદ કરવાની પણ માંગ કરવામાં આવીહતી. ધ વાયરે ઓગસ્ટમાં માહિતીનો અધિકાર (RTI) ક્વેરી ઉપર આધારિત જવાબોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે આઈઆઈટી ફેકલ્ટીની ભરતીમાં અનામત નીતિનો ભંગ કરી રહી છે. આ અહેવાલના લેખકોએ ડેટાનું વિશ્લેષણ કર્યું હતું અને કહ્યું હતું કે એવું લાગે છે કે આઈઆઈટી જ ફક્ત 'ઉચ્ચ-જાતિ'ના શિક્ષકોને જ રોજગારી આપે છે.

### ભગવાન શ્રી સ્વામિનારાયણના નામથી નવ ચેતનાનો સંચાર થાય છે

# રાષ્ટ્રના વિકાસમાં ગુરૂકુળના વિદ્યાર્થીઓનો ફાળો મહત્વનો હશે : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

**સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન રાજકોટના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત અમૃત મહોત્સવમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિ**






રાજકોટ તા. ૨૬

ભગવાન શ્રી સ્વામિનારાયણના નામ સ્મરણથી જ નવચેતનાનું સંચાર થાય છે. સ્વામિનારાયણના નામ સ્મરણથી એક અલગ જ અલૌકિક અહેસાસ થાય છે. આવનારૂં ભવિષ્ય વધુ યશસ્વી હશે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ યાત્રાનું ૭૫ મું વર્ષ એવા સમયે પૂરૂં થઈ રહ્યું છે કે જ્યારે દેશ આઝાદીનું ૭૫મું વર્ષ ઉજવી રહ્યું છે. આ સુખદ સંયોગ છે અમૃતકાળની આવતા ૨૫ વર્ષની યાત્રામા યુવાનોનો સાથ ખૂબ જ અગત્યનો હશે, સંસ્કૃતિ અને સમર્પણનો સુયોગ અધ્યાત્મ અને આધુનિકતાનો સંજોગ છે. રાષ્ટ્રના વિકાસમાં ગુરૂકુળના વિદ્યાર્થીઓનો ફાળો મહત્વનો હશે. સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન રાજકોટના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત અમૃત મહોત્સવમાં સહજાનંદ નગર ખાતે આજરોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી પોતાની ભાવના વ્યક્ત કરી સાધુ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. આ તકે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી તેમજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પટેલની પ્રેરણાદાયક ઉપસ્થિતિ રહી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના વર્ચ્યુઅલ ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ગુરૂકુળને ૭૫ વર્ષ થઈ રહ્યા છે. હું ૭૫ વર્ષની યાત્રા માટે તમને બધાને હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આપણા ઉપર જવાબદારી હતી કે આપણે શિક્ષાના ક્ષેત્રમાં ભારતના પ્રાચીન વૈભવ અને આપણા મહાન ગૌરવને પુનઃજીવિત કરીએ. આપણા સંતો અને આચાર્યોએ એક બીડું ઉઠાવ્યું અને સ્વામિનારાયણ ગુરૂકુળ આ સુયોગનું જીવંત ઉદાહરણ છે. પૂજય શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનું રાજકોટ ગુરૂકુળ માટે જે વિઝન હતું તે વિચારબીજ વટવૃક્ષ બનીને આપણી સામે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે હું ગુજરાતમાં તમારા બધાની વચ્ચે જ મોટો થયો છું. આ મારૂં સૌભાગ્ય છે કે મને આ વટવૃક્ષને આકાર લેતા મારી આંખે જોવાનું સૌભાગ્ય મળ્યું છે. રાજકોટમાં માત્ર ૭ વિદ્યાર્થીથી શરૂ થયેલ ગુરૂકુળની દેશ-વિદેશમાં ૫૦ થી વધારે શાખાઓ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ગુરૂકુળની વિશેષતા અંગે કહ્યું હતું કે ગુરૂકુળ એવી સંસ્થા છે કે ગરીબ લોકો પાસેથી માત્ર એક રૂપિયો ફી લે છે. તેથી ગરીબ બાળકો માટે શિક્ષણ લેવું સરળ થઈ જાય છે. ભારતમાં જ્ઞાન જ જીવનની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે તેમ કહેતા વડાપ્રધાને દુનિયાના બીજા દેશોની ઓળખ રાજયો અને રાજગુરૂઓથી થતી હતી. ત્યારે ભારતને લોકો ગુરૂકુળોથી ઓળખતા હતા, એ બાબતનો વિષે સુલેખ કર્યો હતો અને ઉમેર્યું હતું કે આપણા ગુરૂકુળ સદીઓથી મમતા, સમાનતા, અને સેવાભાવની વાટિકા રહી છે. નાલંદા અને તક્ષશિલા જેવા વિશ્વવિદ્યાલયો ભારતની ઓળખ છે.

મહર્ષિ વાલ્મિકી આશ્રમમાં લવકુશ સાથે અત્રેયી પણ ભણતી હતી તેમ કહી પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે મને ખુશી છે કે સ્વામિનારાયણ ગુરૂકુળ આધુનિક ભારતને આગળ વધારવા કન્યા ગુરુકુળ શરૂ કરી રહ્યા છે. ભારતના ઉજ્જવળ ભવિષ્યમાં આપણી આજની શિક્ષા વ્યવસ્થા અને શિક્ષણ સંસ્થાઓની ખૂબ મોટી ભૂમિકા છે. આથી આઝાદીના અમૃતકાળમાં દેશ એજ્યુકેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર કે એજ્યુકેશન પોલિસી હોય, દરેક સ્તર પર ખૂબ જ ઝડપથી અને વિસ્તારથી કામ થઈ રહ્યું છે. નવી શિક્ષણ નીતિ દ્વારા એ શિક્ષણ નીતિ તૈયારી કરી રહ્યું છે કે જે ફોરવર્ડ લુકિંગ છે. દેશ આઝાદીના ૧૦૦ વર્ષ મનાવતો હશે ત્યારે વૈશ્વિક સિદ્ધિ સુધી લઈ જશે. ત્યારે સ્વામિનારાયણ ગુરૂકુળ જેવી સંસ્થાઓનો પ્રયાસ અગત્યનો છે. પ્રધાનમંત્રી શ્રી એ વધુમાં કહ્યું કે અમૃતકાળની આવતા ૨૫ વર્ષની યાત્રા તમારા બધાનો સાથ ખૂબ જ અગત્યનો હશે. ભારતના સંકલ્પ નવા છે. આ સંકલ્પને સિદ્ધ કરવાના પ્રયાસો પણ નવા હશે. ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ, એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝનને લઈ આગળ વધી રહ્યા છે. સામાજિક સુધારકાર્યમાં પણ બધાનો પ્રયાસ કાર્ય કરે છે. ગુરૂકુળ જેવી સંસ્થાઓ આ પ્રકારના કાર્યોને ઉર્જા આપતી રહેશે તેમ પ્રધાનમંત્રીશ્રીએ તેમના ઉદબોધનના અંતમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુરૂવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી, મહંત શ્રી દેવ પ્રશાદજી સ્વામી, મહંત શ્રી ધર્મવલ્લભ સ્વામી, ધારાસભ્યો સર્વે શ્રી રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, મેયર ડો.પ્રદીપભાઈ ડવ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, કલેકટર શ્રી અરૂણ મહેશ બાબુ, પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ સહીત સ્વામિનારાયણ સંતો મહંતો અને વિશાળ સંખ્યામાં સહીત સ્વામિનારાયણ સંતો મહંતો અને વિશાળ સંખ્યામાં હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવ્યો પ્લાન

# સ્કૂલોમાં છોકરીઓને મફતમાં લગાવવામાં આવશે સર્વાઈકલ કેન્સરની વેક્સિન

**ભારતમાં મહિલાઓને થતાં કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા નંબર પર છે : સૌથી વધારે ભારતમાં મોત થાય છે**

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્ર સરકાર સર્વાઈકલ કેન્સરને રોકવા માટે મહત્વના નિર્ણયો લઈ રહી છે. હાલમાં જ સરકાર તરફથી આ જાણકારી આપવામાં આવી છે કે, દેશના વૈજ્ઞાનિકોએ સર્વાઈકલ કેન્સરની સારવાર માટે એચપીવી વેક્સિન તૈયાર કરી લીધી છે અને ટૂંક સમયમાં ૯થી ૧૪ વર્ષની બાળકીઓને આપવામાં આવશે. હવે જાણકારી મળી રહી છે કે, કેન્દ્ર સરકાર આ કિશોરીઓને સ્કૂલમાં જ વેક્સિન આપવાનો પ્લાન બનાવી રહી છે. ભારતમાં મહિલાઓને થતાં કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા નંબર ઉપર છે. વૈશ્વિક સ્તર પર સૌથી વધારે ભારતમાં સર્વાઈકલ કેન્સરના કારણે મોત થાય છે.

ભારતમાં એક વર્ષમાં ૮૦,૦૦૦ મહિલાઓના મોત સર્વાઈકલ કેન્સરથી થાય છે. સર્વાઈકલ કેન્સરની વેક્સિન સૌથી પહેલા એ સ્કૂલોમાં આપવામાં આવશે, જ્યાં છોકરીઓની સંખ્યા વધારે છે. અભિયાનના દિવસે જે છોકરી શાળાએ આવી શકી નથી, તેને નજીકના સ્વાસ્થ્ય કેન્દ્ર પર વેક્સિન લગાવાની રહેશે. સ્કૂલ ન જતી ૯થી ૧૪ વર્ષની છોકરીઓને સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને મોબાઈલ ટીમના માધ્યમથી વેક્સિનેશનનો ભાગ બનાવામાં આવશે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સફળ વેક્સિનેશન માટે દિશા-નિર્દેશ અને તેની સાથે જોડાયેલ નિર્ણય લેવા માટે અનુરોધ કર્યો છે. સ્કૂલોમાં વેક્સિનેશન સેન્ટર બનાવીને વેક્સિન લગાવામાં આવશે. જિલ્લા રસીકરણ અધિકારી જે જિલ્લા શિક્ષણ અધિકારી મદદ કરશે, સાથે જ ડીએમના નેતૃત્વમાં ટીમ બનાવીને જિલ્લા ટાસ્ક ફોર્સના પ્રયાસનો ભાગ બનાવામાં આવશે. રસીકરણ માટે સરકારી અને બિન સરકારી સ્કૂલના મેનેજમેન્ટ બોર્ડનો સંપર્ક કરો અને તેમને સહયોગ કરવા માટે કહેવામાં આવશે. દરેક સ્કૂલમાં રસીકરણ માટે એક કોઓર્ડિનેટર બનાવામાં આવશે. જે વેક્સિનેશનની પ્રક્રિયામાં સહયોગ સાથે છોકરીઓની સંખ્યાને યૂ-વિન એપ પર અપલોડ કરશે. સ્પેશિયલ પેરેન્ટ્સ ટીચર મીટિંગ દ્વારા સ્કૂલના ટીચર માતા-પિતાને એચપીવી વેક્સિન વિશે જાણકારી આપી જાગૃત કરશે. વેક્સિનેશન માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવશે અને જીએલએસ મેપિંગ દ્વારા તમામ સ્કૂલોની જિલ્લાવાર યાદી બનાવશે.

# આ IAS કપલે સમાજ માટે સરસ દાખલો બેસાડ્યો, લગ્નમાં ફક્ત ૫૦૦ રૂપિયાનો કર્યો ખર્ચ



નવીદિલ્હી,તા.૨૬

આપણે બધાંએ જિંદગીએ ક્યાંકને ક્યાંક લગ્ન પ્રસંગ જરુરથી ગયા હશો. ભારતીય લગ્નોના રીતિ-રિવાજ સમગ્ર દુનિયામાં વખણાય છે. તેની તૈયારીમાં કેટલાય મહિનાનો સમય લાગી જાય છે. હજારો-લાખોથી શરુ થતું તેનું બજેટ હવે કરોડો રૂપિયા સુધી પહોંચી ગયું છે. વર્ષ ૨૦૨૨માં કોવિડ ૧૯ના કારણે લાગેલા પ્રતિબંધોથી લોકોને થોડો શ્વાસ લેવાનો ટાઈમ આપ્યો. આ દરમિયાન લગ્નમાં પણ ઓછા તામજામ સાથે લોકોએ લગન પતાવી લીધા. જો કે, અમુક લોકોએ ગ્રાન્ડ ઈંડિયન વેડિંગ ટ્રેંડને ચાલુ રાખવા માટે લગ્ન પણ પોસ્ટપોન કરી દીધા હતા. આ અગાઉ ૨૦૧૬માં નોટબંધીના સમયે પણ લગ્નો પર અસર થઈ હતી. આઈએએસ સલોની સિદાના અને આઈએએસ આશીષ વષિષ્ઠ ના લગ્ન લાંબા સમય સુધી ચર્ચામાં રહ્યા હતા. તેમણે નવેમ્બર ૨૦૧૬મા લગ્ન કર્યા હતા. તેમના લગ્ન સૌ કોઈ માટે એક પ્રેરણા હતા. આઈએએસ કપલે પોતાના લગ્નમાં લાખો કરોડો રૂપિયા ખર્ચ કરવા કંઈ મોટી વાત નથી. પણ આ બંનેએ ફક્ત ૫૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. અહીંથી શરુ થઈ હતી લવ સ્ટોરી તે જાણો.. તે સમયે આઈએએસ સલોની સિદાના આંધ્ર પ્રદેશ કેડરના ઓફિસર હતા અને આઈએસએસ આશીષ વશિષ્ઠ મધ્ય પ્રદેશ કેડરના આઈએએસ અધિકારી હતા. આ બંને ૨૦૧૪ બૈચના આઈએએસ છે. તેમની મુલાકાત મસૂરીમાં આવેલા આઈએએસ પ્રશિક્ષણ કેન્દ્ર એટલે કે, (**IAS Training Centre LBSNAA, Mussoorie**)માં થઈ હતી. ધીમે ધીમે બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને તેમની દોસ્તી પ્રેમમાં બદલાઈ હતી. આ આઈએએસ કપલે મધ્ય પ્રદેશના ભિંડ એડીએમ કોર્ટમાં લગ્ન કર્યા હતા. આ દરમિયાન બંનેના પરિવાર પણ ત્યાં હાજર હતા. લગ્નના ખર્ચના નામ પર તેમણે ફક્ત ફી તરીકે ૫૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. આશિષ મૂળ રાજસ્થાનના અલવરનો રહેવાસી છે. તો વળી સલોની સદાના પંજાબના જલાલાબાદની છે. આ બંને પોતાના પરિવારના પહેલા ઓફિસર છે. પોતાના લગ્ન બાદ લાંબા સમય સુધી લાઈમલાઈટમાં રહેલા આ કપલે સોશિયલ મીડિયા પર દૂર છે. આઈએએસ આશીષ વશિષ્ઠ આઈઆઈટી રુડકીમાંથી પાસઆઉટ છે અને હાલમાં ભોપાલના એડીએમ છે. તો વળી આઈએએસ સલોની સિદાના એમબીબીએસ કર્યું હતું અને ડોકટર છે. તેમની નિમણૂંક જબલપુરમાં છે. લગ્ન બાદ તેણે પોતાનું કેડર બદલાવ્યું હતું.

# રાજકોટ બસ પોર્ટ ખાતે ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પાંચ ઈલેક્ટ્રિક બસોનું થયેલ લોકાર્પણ

**પ્રદૂષણના દૂષણમુક્ત ગ્રીન એનર્જીની પહેલના ભાગરૂપે પ્રથમ વાર રાજકોટ-જૂનાગઢ રૂટ ઉપર ઈ-એનર્જીયુક્ત પાંચ ઈલેક્ટ્રિક બસ દોડશે**




રાજકોટ તા. ૨૬

રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે લીલી ઝંડી આપી પાંચ ઈલેક્ટ્રિક બસનું લોકાર્પણ રાજકોટ બસ પોર્ટ ખાતે કરવામાં આવ્યુ હતું. રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ પાંચ ઈલેક્ટ્રિક બસના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ બસ પોર્ટમાં આવેલા ખાણીપીણીના સ્ટોલની મુલાકાત લીધી હતી તથા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ બસપોર્ટ ખાતેના ટી સ્ટોલ ખાતે ચાની લિજ્જત માણી હતી. તેમજ સુશોભિત કરાયેલ બસમાં પેસેન્જર્સ સાથે વાતચીત કરી હતી.

રાજકોટ વિભાગીય નિયામકશ્રી જે. બી. કલોત્રાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાના હેતુસર પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે ઈલેક્ટ્રિક બસો કાર્યરત કરવામાં આવે છે. આ પહેલના ભાગરૂપે રાજકોટથી જૂનાગઢ રૂટમાં પ્રથમ વાર પ્રદૂષણમુક્ત પાંચ ઈલેક્ટ્રિક બસનું લોકાર્પણ કરાયું છે. જેનું ભાડું ૧૫૦ રૂ. છે. આ તમામ ઈલેક્ટ્રિક બસોમાં ૩૩ મુસાફર સીટો ઉપલબ્ધ છે અને એર કંડીશનર સાથે સુસજ્જ છે. દરેક પેસેન્જર સીટની બાજુમાં ચાર્જિંગ પોઈન્ટ અને દરેક સીટની વિન્ડોના પીલર પર ઈમરજન્સી સ્વીચ આપેલ છે.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યોશ્રી ઉદયભાઈ કાનગડ અને ડૉ. દર્શીતાબેન શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિતભાઈ અરોરા ઉપસ્થિત રહ્યા હતા.

### રાજસ્થાન લોક સેવા આયોગનું પગલું

# રાજસ્થાનમાં પેપર લીક થવાના સેકેન્ડ ગ્રેડ શિક્ષક ભરતીની પ્રથમ તબક્કાની પરીક્ષા રદ

**પોલીસે ૩૬થી વધુ ડમી ઉમેદવારોની ધરપકડ કરી, ઉમેદવારોએ શિક્ષણ રાજ્ય મંત્રી ઝાહિદા ખાનના સત્તાવાર નિવાસસ્થાનનો ઘેરાવ કર્યો**

જયપુર, તા.૨૬

રાજસ્થાન લોક સેવા આયોગ (આરપીએસસી) એ પેપર લીક થવાના સેકેન્ડ ગ્રેડ શિક્ષક ભરતીની પ્રથમ તબક્કાની પરીક્ષા રદ કરી દીધી છે. પેપર લીક કરનારાઓ સામે ઉદયપુર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસ અધિક્ષક વિકાસ શર્માના નિર્દેશ હેઠળ પોલીસે ૩૬થી વધુ ડમી ઉમેદવારોની ધરપકડ કરી હતી. જયપુરમાં ઉમેદવારોએ શિક્ષણ રાજય મંત્રી ઝાહિદા ખાનના સત્તાવાર નિવાસસ્થાનનો ઘેરાવ કર્યો હતો. ઉમેદવારોએ આરપીએસસી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ૨૪ ડિસેમ્બરે રાજસ્થાનમાં સેકન્ડ ગ્રેડ ટીચર રિક્રુટમેન્ટ માટેની પરીક્ષા યોજાવાની હતી. પરીક્ષા શરૂ થાય તે પહેલા જ તેનું પેપર લીક થયું હતું તેમજ સોશિયલ મીડિયામાં પણ ફરતું થયું. મામલો સત્તાધીશો સુધી પહોંચ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લેતા સરકારે પરીક્ષા શરૂ થાય તે પહેલા જ તાત્કાલિક તેને રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યની સાથે સાથે સેકન્ડ ગ્રેડ શિક્ષકની ભરતી માટે મોટી સંખ્યામાં ઉમેદવારો દૂર-દૂરથી આવ્યા હતા. શનિવારે સવારે પણ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા યોજવાની પ્રક્રિયા ચાલી રહી હતી. પરીક્ષા કેન્દ્રોમાં પણ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉમેદવારો પણ પરીક્ષા આપવા માટે પરીક્ષા હોલમાં ફાળવેલ સીટ પર બેઠા હતા. બીજી તરફ અલવરમાં પ્રથમ તબક્કાનું જીકેનું પેપર અચાનક રદ થવાને કારણે યુવાનોમાં ગુસ્સો આવ્યો. પરીક્ષા કેન્દ્રની બહાર યુવાનોએ ગેહલોત સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. યુવકોએ કહ્યું કે, અમે ઓઆરએમ સીટ ભરી હતી, પરંતુ અચાનક પેપર આઉટ થયાની માહિતી મળી. તમામ ઉમેદવારો પાસેથી પેપર પરત ખેંચવામાં આવ્યું હતું.

યુવાનોએ જણાવ્યું કે, સરકારની બેદરકારીના કારણે સતત પેપર લીક થઈ રહ્યા છે. રીટ પરીક્ષા બાદ આરપીએસસી સેકેન્ડ ગ્રેડ પરીક્ષાનું પેપર લીક થયુ છે. આવી સ્થિતિમાં સરકારે કડક પગલા ભરવા જોઈએ. યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે. સરકારે બીજા તબક્કાનું પેપર પણ રદ કરવું જોઈએ. શું ખાતરી કે બીજા તબક્કાનું પેપર લીક ન થાય?

શિક્ષક ભરતી પરીક્ષા રદ થવા પર વિધાનસભામાં બીજેપીએ સરકારને ઘેરી હતી. સદનમાં આ મુદ્દે વિપક્ષે ગેહલોત સરકારને નબળી અને અસમર્થ ગણાવી હતી.

# જીઈબી એન્જિનિયર એસોસિએશનનું સતત ચોથી ટર્મ માટેનું બિન હરીફ સુકાન સેક્રેટરી જનરલ બી.એમ. શાહના શીરે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૬

ગઈકાલે તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ વડોદરા ખાતે જીયુવીનલ તાબાની નીચેની છ કંપનીઓ જેવી કે **GETCO, GSECL,PGVCL, MGVCL UGVCL & DGVCL** ૬૦૦૦ જેટલા ઈજનેરોનું મેમ્બરશીપ ધરાવતું એસોસિએશન જીબિયાની ત્રિ વાર્ષિક સેન્ટ્રલ ઈલેક્શન ૨૦૨૩-૨૦૨૫ની વિવિધ પોસ્ટ માટે વડોદરા ખાતે દરેક કંપનીમાંથી હોદ્દેદારો નિમવા માટે યોજાઈ હતી. જીઈબી એન્જિનિયર એસોસિએશન ગુજરાતનું એક માત્ર લોકશાહી ઢબે હોદ્દેદારોની વર્ણી કરતું એસોસિએશન છે. આ એસોસિએશનમાં સફળ કામગીરી બજાવી રહેલ સેક્રેટરી જનરલ બી.એમ. શાહ ફરીથી ચોથી ટર્મ માટે ઈજનેરોએ વિશ્વાસ મૂકીને બિનહરીફ વરણી થયેલ છે અને જીઈબી એન્જિનિયર એસોસિએશનના ઈતિહાસમાં પહેલી વખત સેક્રેટરી જનરલની વરણી બિનહરીફ થયેલ છે. તેમજ તેની સાથે સાથે સેક્રેટરી ફાઈનાન્સ તરીકે જે.આર. શાહ પણ ચોથી ટર્મ માટે ચૂંટાયા છે. આ ઉપરાંત સેન્ટ્રલ ઈલેક્શન કોર બોડીમાં જેટકો તરફથી એચ.જી. વઘાસિયા વાઈસ પ્રેસિડેન્ટ જેટકો તરીકે બિનહરીફ થયેલ છે. આ ઉપરાંત વાઈસ પ્રેસિડેન્ટ ડિસ્કોમ તરીકે જી.એચ. એન્જિનિયર, વાઈસ પ્રેસિડેન્ટ જીએસઈસીએલમાં એ.બી. પ્રજાપતિ તેમજ પીજીવીસીએલમાં જનરલ સેક્રેટરી તરીકે એમ.એમ. કડછા, જેટકોના જનરલ સેક્રેટરી તરીકે નિરવ બારોટ, ડીજીવીસીએલના જનરલ સેક્રેટરી તરીકે એસ.સી. બાવીસીયા, એમજીવીસીએલના જનરલ સેક્રેટરી તરીકે ડી.પી. મોદી, યુજીવીસીએલના જનરલ સેક્રેટરી તરીકે કલ્પેશ ચૌધરી, જીએસસીએલના જનરલ સેક્રેટરી તરીકેબી.એ. પટેલ ચૂંટાઈ આવેલ છે. આ ઉપરાંત ૫૦થી વધુ અન્ય પોસ્ટની લોકશાહી ઢબે ઈલેક્શન ચૂંટણી થઈને વિવિધ હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ છે.

# વેરાવળ - સોમનાથ નેશનલ હાઈવે ઉપર ઈનોવા કારની આડે વન્યપ્રાણી રોઝડું ઉતરતા સ્થળ ઉપર જ રોઝડાનું મૃત્યું નીપજ્યું

## ઈનોવા કારનોઆગળના ભાગનોકચ્ચરઘાણ નીકળી જતા મોટુંનુકસાન થતા તેમાંસવાર વ્યક્તિઓનોઆબાદ બચાવ થયો





(રાકેશ પરડવા દ્વારા) વેરાવળતા.૨૬

ગઈકાલે સવારે વેરાવળ સોમનાથ બાયપાસ નેશનલ હાઈવે ઉપર ઈનોવા કારની આડે અચાનક જ વન્યપ્રાણી રોઝડું ઉતરી આવતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં ઈનોવા કારને મોટું નુકસાન થવાની સાથે રોઝડાનું મૃત્યુ નીપજયું હતું. જો કે સદનસીબે કારમાંસવાર પરીવારનો આબાદ બચાવ થતા પરીવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ અકસ્માત સર્જાતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા.

આ અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર સોમનાથથી જૂનાગઢ તરફ નેશનલ હાઈવે બાયપાસ રોડ ઉપર જઈ રહેલ ઈનોવા કારની આડે તાલાલા ચોકડી નજીક અચાનક જ ડિવાઈડરઠેકીને વન્યપ્રાણી રોઝડું આવી ચડ્યુંહતું. જેના કારણે કાર અને વન્યપ્રાણી રોઝડા વચ્ચે જોરદાર ટક્કર થતા ઈનોવા કારના આગળના ભાગનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. જેના કારણે ઈનોવા કારને મોટું નુકસાન થયું હતું જયારે વન્ય પ્રાણી રોઝડાનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજયું હતું.

કાર અને વન્ય પ્રાણીની જોરદાર ટક્કરના પગલે અવાજ સાંભળીને આસપાસના લોકો હાઈવે ઉપર મદદે દોડી આવ્યા હતા. તો ઈનોવા કારમાં સવાર લોકો હેમખેમ રીતે બહાર નીકળી ગયા હતા.

અત્રે નોંધનીય છે કે, હાઈવે ઉપર પસાર થતાં વાહનોની આડે જ્યારે રોઝડા જેવું કોઈ વન્યપ્રાણી આવી ચડે ત્યારે ઘણી વખત ગમખ્વાર અકસ્માત સર્જવાની સાથે લોકોને નાની મોટી ઈજાઓ થતી જોવા મળે છે પરંતુ આજના અકસ્માતમાં સદનસીબે ઈનોવા કારમાં સવાર વ્યક્તિઓનો આબાદ બચાવ થતાં તેમના પરીવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# બાજપાઈજીની જન્મ જયંતી નિમિત્તે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

## કાર્યક્રમ દરમ્યાન પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૬

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ સંગઠનનાં આદર્શ ભારતરત્ન પુર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈજીની જન્મ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સવારે મહાનગરનાં દરેક વોર્ડમાં બાજપાઈજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં મનકી બાત સાંભળવામાં આવી હતી. બપોરે એક વાગ્યે ગુજરાત સરકારનાં કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા સાથે કાર્યકરોની શુભેચ્છા મુલાકાત અને અટલજીનાં જીવન વિષે પ્રવચન યોજાયું હતું. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બપોરે ૩:૩૦ કલાકે ટીંબાવાડી ખાતે આયુષ્યમાન કાર્ડનો મેગા કેમ્પ યોજાયો હતો. દરેક કાર્યક્રમમાં મહાનગરપ્રમુખ પુનિતભાઈ તથા મહામંત્રી સંજયભાઈ મણવર, ભરતભાઈ શીંગાળા, કોર્પોરેશન પદાધિકારીઓ મેયર ગીતાબેન પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસકપક્ષનાં નેતા કીરીટભાઈ ભીંભા, દંડક અરવિંદભાઈ ભલાણી મહાનગરનાં હોદ્દેદારો દરેક મોરચાનાં હોદ્દેદારો વોર્ડના હોદ્દેદારો તેમજ કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ મિડિયા વિભાગનાં સંજયપંડ્યાની યાદી જણાવે છે.

# ચોરવાડ નગરપાલિકાનાં વિસ્તારોમાં રૂા.૧૦.૩૧ લાખનાં પેવર બ્લોકનાં કામોનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ,તા.૨૬

ચોરવાડ નગરપાલિકાના પ્રમુખના હસ્તે વિવિધ વિસ્તારોમાં રકમ રૂા.૧૦.૩૧ લાખના લોક ઉપયોગી પેવર બ્લોકના કામોનું ખાતમુહર્ત કરવામાં આવ્યા જે સોમનાથના ધારાસભ્યના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ હતા. ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા તથા નગરપાલિકાના પ્રમુખ જલ્પાબેન વિમલભાઈ ચુડાસમા દ્વારા લોકોની જરૂરિયાતને અનુલક્ષીને છેવાડાના વાડી વિસ્તારો સુધી રોડ-રસ્તા, પીવાનું પાણી, લાઈટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવેલ ત્યારે નગરપાલિકાના લોકોને વિકાસની ભેટરૂપે ૧૫ મુંનાણાપંચ યોજના હેઠળ રૂા.૧.૭૨ લાખના ખર્ચે ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નં.૨ માં એસસી/એસપી વિભાગમાં રબારી વાડામાં ડાયા સામત ચાવડાના ઘરની વચ્ચે રસ્તામાં પેવર બ્લોકનું કામ અને હરીજન વાસમાં જગદીશ મીઠા ચુડાસમાના ઘરથી હેમંત ભીખા ચુડાસમાના ઘર તરફ જતાં રસ્તામાં પેવર બ્લોકનું કામ તથા રકમ રૂા.૪.૩૦ લાખના ખર્ચે ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નં.૪ નાગનાથ મંદિર પાછળ અને આંગણવાડીની સામે તેમજ આજુ બાજુમાં પેવિંગ બ્લોકનું કામ તેમજ રકમ રૂા.૪.૨૯ લાખના ખર્ચે નગરપાલિકા વિસ્તારમાં જી.ઈ.બી. ઓફિસના રોડની બંને બાજુ પેવર બ્લોકનું કામ અને બાકી રહેતા આશાદીપ સ્ટુડિયો વાળાના ઘરની પાછળ રોડની બંને બાજુ પેવર બ્લોકનું કામ અને વોર્ડ નં.૩ ના બાકી વિસ્તારમાં પેવર બ્લોકનું કામ મળી કુલ રૂા.૧૦.૩૧ ના કામો મંજૂર કરાવી પેવર બ્લોકના કામોનું ખાત મુહર્ત કરવામાં આવેલ છે.

# ગીરનાર ક્ષેત્રનાં ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા ભાવિકોને ભાવભર્યું નિમંત્રણ




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ ગિરનાર ડોલી એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ બાવળીયાએ એક યાદીમાં ભાવિકોને પ્રવાસીજનતાને ગીરનાર ક્ષેત્રની અચુક મુલાકાત લેવા આહવાન કરેલ છે. રોપવે દ્વારા યાત્રા કરી અંબાજી મંદિરમાં અંબાજી માતાજીની દર્શનનો લ્હોવો લઈ શકાય છે. ગુજરાતમાં જૂનાગઢ ગીરનારની અંદર બધા ભગવાન અને ૩૩ કરોડ દેવી-દેવતાનો વાસ છે. એકવાર જે દર્શન કરે એને હરેક પાપથી મુક્તિ મળે છે અને એ ભવેભવ તરી જાય છે. ૨૫ ડિસેમ્બર નાતાલના દિવસે ધર્મપ્રેમીને જનતાને એક અપીલ કરૂ છું જે એશિયા ખંડનો ગિરનારમાં મોટો રોપવે બનેલ છે. તો ગિરનારના દર્શન કરવા જરૂરને જરૂર આવો એવી એક મારી નમ્રઅપીલ છે. વિશેષમાં ગિરનાર ક્ષેત્રામાં ગુરૂદતાત્રેયની ટુંક તેમજ અન્ય અનેક ધાર્મિક સ્થળો આવેલા છે અને ૩૩ કરોડ દેવાતાનાં જયાં વાસ રહેલો છે તેવી પવિત્ર ભૂમિની મુલાકાતે આવી અને પરમ શાંતીનો અનુભવ કરવા આહવાન કરેલ છે.

# વેરાવળમાં સરાજાહેર ફાયરીંગ કરી હત્યા કરનાર આરોપી ગામનો જ નિકળ્યો !

## મૃતકના જૂનાગઢના મિત્ર સાથે હત્યારા શખ્સને ચૌદ વર્ષ પહેલા બોલાચાલી થયેલ જે અહીં મળવા આવતો હોવાના મનદુ:ખ હત્યા કરી હોવાનું કારણ દર્શાવ્યું





(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ,તા.૨૬

વેરાવળમાં સરાજાહેર ફાયરીંગકરી યુવકને મોતને ઘાટ ઉતારવાના મામલે હત્યારો યુવક વેરાવળનો જ હોવાનું સામે આવ્યુ છે. અગાઉના મનદુ:ખને લઈ હત્યા કરી હોવાનું પ્રાથમિક કારણ મૃતકના ભાઈએ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે. દોઢેક માસ પહેલા જ આરોપી શખ્સે ઘટના સ્થળે આવીને મૃતક સામે કતરાઈને જોઈ બાઈક રેસ કરતો હતો. ફાયરીંગ પીસ્ટલમાંથી કર્યુ હોય જે ક્યાંથી લઈ આવ્યો હશે તે દિશામાં અને નાસી ગયેલ હત્યારા આરોપીને ઝડપી પાડવા માટે પોલીસની જુદી જુદી ટીમો અલગ અલગ દિશામાં તપાસ કરી રહી છે. જો કે, હત્યારો જેમાં નાસી ગયેલ તે બાઈક શહેરના સોમનાથ ટોકીઝ વિસ્તારમાંથી પોલીસને રેઢું મળી આવ્યુ છે. વેરાવળમાં સરાજાહેર ફાયરીંગ મામલે પોલીસમાં મૃતકના ભાઈ નારણ કટારીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, એસટી રોડ ઉપર કારડીયા બોર્ડીંગ સામે ચાની લારીએ પોતાના મોપેડ સ્કુટર ઉપર તેમનો ભાઈ નિતેશ કટારીયા (ઉ.વ.૪૪) બેસી ફોનમાં વાત કરતો હતો. ત્યારે વેરાવળમાં જ રહેતો રમેશ ઉર્ફે ગોવાળીયો અરજણ ચાવડા ડીલક્ષ બાઈકમાં આવીને સરાજાહેર નિતેશના માથામાં લમણા ઉપર પીસ્ટલથી ગોલી મારીને નાસી ગયો હતો. આ સમયે ગોલી આરપાર નીકળી જતા ગંભીર રીતે ઘાયલ નિતેશને એમ્બ્યુલન્સ મારફત સીવીલ હોસ્પીટલએ લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી પીએમ માટે કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના ભાઈ નારણ કટારીયાએ ફરીયાદમાં વધુમાં જણાવેલ કે, ફાયરીંગ કરનાર રમેશ ઉર્ફે ગોવાળીયો અરજણ ચાવડાને તેર-ચૌદ વર્ષ પહેલા અમારા મિત્ર સંજય ડોસા રહે.જૂનાગઢવાળા સાથે ફોનમાં બોલાચાલી થયેલ હતી. સંજય ડોસા અમારા બંને ભાઈઓ પાસે અવાર-નવાર મળવા આવતો હોય જે રમેશ ગોવાળીયાને ગમતું ન હતુ. તે મનદુ:ખના કારણે દોઢેક મહીના પહેલા મારો ભાઈ નિતેશ ચાની લારીએ બેઠો હતો ત્યારે ત્યાં રમેશ ગોવાળીયો તેની મોટર સાઈકલ ઉપર આવીને કતરાઈને જોતો-જોતો થોડીવાર મોટર સાઈકલ રેસ કરી જતો રહેલ હોવાની મૃતક નિતેશ તેને વાત કરી હતી. ઉપરોક્ત વિગતોના આધારે પોલીસે રમેશ ઉર્ફે ગોવાળીયો અરજણ ચાવડા સામે આઈપીસી કલમ ૩૦૨, હથીયાર ધારા કલમ ૨૫ (૧-હ્), (છ), ૨૭, જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઘટનાના તપાસનીશ અધિકારી ડીવાયએસપી વી.એન. ખેંગાર, પીઆઈ એસ.એમ. ઈશરાણીએ જણાવેલ કે, ઘટનાસ્થળ ઉપરથી ફુટેલ કાર્ટુસ અને પીસ્ટલ મળી આવી છે. જેને કબ્જે લઈ તપાસ કરવામાં આવી રહી છે. જયારે ફાયરીંગ કરી નાસી ગયેલ આરોપી રમેશ ઉર્ફે ગોવાળીયાને ઝડપી પાડવા માટે સ્થાનીક ઉપરાંત એલસીબી, એસઓજીની ટીમો જુદી જુદી દિશામાં તપાસ કરી રહી છે. આ ઉપરાંત શહેરમાં લાગેલ નેત્રમ સીસીટીવીના ફુટેજોની પણ ઝીણવટભરી તપાસ ચાલુ છે. ફાયરીંગ થયેલ પીસ્ટલ હથીયાર ક્યાંથી આવ્યુ તે આરોપી પકડાયા બાદ જ સ્પષ્ટ થશે. અત્રે નોંધનીય છે કે, ઘણા લાંબા સમય બાદ શહેરમાં સરાજાહેર ફાયરીંગ કરી મોતને ઘાટ ઉતાર્યાની ઘટના બનતા ચકચાર પ્રસરી છે. તો આ ઘટનાને અંજામ આપનાર આરોપી શખ્સે કોઈના દોરી સંચારથી ફાયરીંગ કર્યુ છે કે પછી જુના મનદુ:ખના કારણે તેને લઈ શહેરભરમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે.

# કોડીનારનાં ઘાંટવડ ગામે મહિલાને મોતને ઘાટ ઉતારનાર માનવભક્ષિ દીપડો આખરે પાંજરે પુરાયો

## ૬ દિવસની અથાગ મહેનતથી વન તંત્રને મળી મોટી સફળતા



(મુંગલ અલ્તાફ દ્વારા) કોડીનાર તા.૨૬

કોડીનાર પંથકમાં થોડા દિવસોથી વન્ય પશુઓએ આંતક મચાવ્યો છે. જેમાં માનવ ઉપર હુમલાની પણ અનેક ઘટનાઓ બની છે. ઘાંટવડ ગામે મહિલાને મોતને ઘાટ ઉતારી દેનાર માનવભક્ષી દીપડો આખરે ૬ દિવસની મહેનત બાદ પાંજરે પુરાતા ગ્રામજનો અને ફોરેસ્ટ વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. કોડીનારના ઘાંટવડ ગામે રહેતી અંતું બા ગંભીર સિંહ ઝાલા નામની મહિલા ઉપર દિપડાએ હુમલો કરતા મહિલાનું મોત નિપજતા ગામમાં માનવભક્ષી દિપડાનો ભારે ડર ફેલાતા માનવભક્ષી દીપડાને ઝડપી પાડવા ઘાંટવડ ગામ સરપંચ અબ્દુલભાઈ મહેતર અને ગામના લોકોએ ફોરેસ્ટ વિભાગને રજૂઆત કરતા ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ આ દીપડાને ઝડપી પાડવા ૧૦ અલગ-અલગ જગ્યાએ પાંજરા મુકી દિપડાને પકડી પાડવા જહેમત ઉઠાવતા આખરે ૬ દિવસની બાદ માનવભક્ષી દીપડો પાંજરે પુરાતા વન તંત્ર અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# કેશોદના ધારાસભ્ય સન્માનિત થવામાં સમય ફાળવી શકે પરંતુ સુવિધાથી વંચિત ગામોની મુલાકાત લેવા સમયનો અભાવ ?

(ગોવિંદહડિયા દ્વારા) કેશોદતા.૨૬

કેશોદ તાલુકાના ૫૩ ગામો માંગરોળ તાલુકાના ૪૩ ગામો સહિત ૯૬ ગામોનો સમાવેશ કેશોદ ૮૮ વિધાનસભા મત વિસ્તારમાં સમાવેશ થાય છે. ત્યારે ગત પાંચ વર્ષમાં ઘણાં એવા ગામો હશે જ્યાં ધારાસભ્ય કદાચ એકાદ વખત પણ મુલાકાત નહી લીધી હોય ગત વિધાનસભાની ચૂંટણીમાં ધારાસભ્ય તરીકે મતદારોએ દેવાભાઈ માલમને ચૂંટયા હતા. ત્યારે ગત પાંચ વર્ષની ટર્મમાં કેશોદ ૮૮-વિધાનસભા મત વિસ્તારના અનેક ગામો એવા હશે જયાં ધારાસભ્યએ પાંચ વર્ષમાં પોતાના મતદારોના અનેક ગામોમાં મુલાકાત પણ કદાચ નહી લીધી હોય અને જે ગામો સુવિધાઓથી વંચિત છે.

તેવા ગામોમાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ન શક્યા હોય ફરીથી મતદારોએ દેવાભાઈ માલમને ચુંટયા છે. ત્યારે ચૂંટણીના રીઝલ્ટ બાદ ધારાસભ્યના પદની શપથવિધિ પુર્ણ થયા બાદ અમુક ગ્રામ્ય વિસ્તારમાં મુલાકાત લઈ સન્માનિત થઈ રહ્યા છે. ત્યારે ફરીથી બીજા પાંચ વર્ષ સુધીમાં ૮૮ કેશોદ વિધાનસભા મત વિસ્તારના તમામ ગામોની મુલાકાત લેશે ? ૮૮ કેશોદ વિધાન સભા મત વિસ્તારમાં જે ગામોમાં સુવિધાઓનો અભાવ છે તેવા ગામોની નોંધ લેશે ? જે ગામોમાં સુવિધાઓ ઉપલબ્ધ નથી તે ગામોમાં સુવિધાઓ અપાવવા પ્રયત્ન કરશે કે કેમ તે જોવાનું રહ્યું.

ભેસાણ તાલુકાના સૌ નાગરીકોને નૂતન શુભેચ્છા...

**શ્રી ભેસાણ તાલુકા ખરીદ - વેચાણ સંઘ**

**રામજીભાઈ ડી. ભેસાણીયા** (ચેરમેનશ્રી)

**વજુભાઈ જી. મોવલીયા** (વાઈસ ચેરમેન)

:: સભ્યશ્રીઓ ::

જસકુભાઈ એ. શેખવા
રાજેશભાઈ ડી. ભુવા
વિઠ્ઠલભાઈ ડી. પાઘડાળ
ચંદુભાઈ જે. ગોંડલીયા
મનસુખભાઈ ડી. ત્રાપસીયા
હંસરાજભાઈ જે. સોજીત્રા
હિંમતભાઈ જી. રાખોલીયા
સુરેશભાઈ કે. વાંક
પ્રાગજીભાઈ એસ. બોરડ
નટવરલાલ આર. પોંકીયા
ધનજીભાઈ સી. ભુવા
ગીરધરભાઈ એલ. રાદડીયા



માહિતી/જૂના/૮૨૬/૨૦૨૨

